શ્રી

પ્રતિક્રમણ સૂત્ર.

(અર્થ સહિત)

છપાવી પ્રસિદ્ધ કર્તા,

પોપટલાલ કેવળચંદ શાહ,

રાજકોટ.

—:—:—:×:—:—:—

પહેલી આવૃત્તિ. સંવત ૧૯૭૩. પ્રત ૧૦૦૦.

—:—:—:—:—

અમદાવાદ પાનકોરના નાકે ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

મૂલ્ય ૦–૪–૦ આના. (ટપાલ ખર્ચ સહિત)

સામાયિક

પાઠ ૧ લો. નવકાર (નમસ્કાર) મંત્ર.

નમો અરિહંતાણં—નમસ્કાર હોજો અરિહંત દેવને.
નમો સિદ્ધાણં—નમસ્કાર હોજો સિદ્ધ ભગવાનને.
નમો આયરિયાણં—નમસ્કાર હોજો આચાર્યજીને.
નમો ઉવજ્ઝાયાણં—નમસ્કાર હોજો ઉપાધ્યાયને.
નમો લોએ સવ્વસાહૂણં—નમસ્કાર હોજો લોકને વિષે સર્વ સાધુ સાધ્વીને.

પાઠ ૨ જો. સાધુસાધ્વીને વંદના કરવાનો.

તિક્ખુત્તો—ત્રણ વાર.
આયાહિણં—દક્ષિણથી એટલે જમણી તરફથી આરંભીને ડાબા કાન પાસેથી બે હાથે ફરીથી જમણી તરફ સુધી.
પયાહિણં—પ્રદક્ષિણા કરીને.
વંદામિ—સ્તુતિ અથવા સ્તવના કરૂં છું.
નમંસામિ—(પંચ અંગ નમાવીને) નમસ્કાર કરૂં છું.
સક્કારેમિ—સત્કાર કરૂં છું.
સમ્માણેમિ—સન્માન દઉં છું.
કલ્લાણં—હે સ્વામિ ! આપ કલ્યાણ સ્વરૂપ છો.
મંગલં—આપ મંગલ સ્વરૂપ છો.
દેવયં—આપ ધર્મ દેવ સ્વરૂપ છો.
ચેઇયં—આપ જ્ઞાન સ્વરૂપ છો.

પજ્જુવાસ્સામિ—(મન વચન કાયાએ) હે ગુરૂ ! આપની સેવા કરૂં છું.

પાઠ ૩ જો. ઇરિયા વહિયાનો.

(આવતાં જતાં લાગેલા પાપથી નિવર્તવાનો.)

ઇચ્છામિ--ઇચ્છું છું.

પડિક્કમિઉં--પ્રતિક્રમવાને (પાપથી પાછા ફરવાને) નિવર્તવાને.

ઇરિયા—રસ્તામાં.

વહિયાએ--ચાલતી વખતે.

વિરાહણાએ—કોઇ પણ જીવની વિરાધના થઇ હોય.

ગમણાગમણે—જતાં આવતાં.

પાણક્કમણે—પ્રાણી (જીવ) ને કચર્યા હોય.

બીયક્કમણે—બીજ કચર્યા હોય.

હરિયક્કમણે—લીલી વનસ્પતિને કચરી હોય.

ઉસા—ઝાકળ-હાર.

ઉત્તિંગ—કીડીયારાં વિગેરે જીવનાં દર.

પણગ—પંચવર્ણી લીલફુલ.

દગ—સચેત પાણી.

મટ્ટિ—સચેત મૃત્તિકા (માટી)

મક્કડા—કરોળીયાનાં પડ.

સંતાણા—કરોળીયાની જાળ.

સંક્રમણે—એ સર્વનું સંક્રમણ (કચરવું) કર્યું હોય.

જે મે જીવા—એ તથા બીજા જે કોઇ જીવો તેની મેં.

વિરાહિયા—વિરાધના કરી હોય, દુઃખ દીધું હોય.

એગિંદિયા—એક ઇંદ્રિયવાળા જીવ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, એ પાંચ.

બેઇંદિયા—બે ઇંદ્રિયવાળા જીવ, (પોરા, કરમીયાં, શંખ, છીપ, જળો, અળસીયાં વિગેરે.)

તેઇંદિયા—ત્રણ ઇંદ્રિયવાળા જીવ, (કીડી, મંકોડા, ગધૈયા, કુંથવા, માંકડ, જૂ વિગેરે.)

ચઉરિંદિયા—ચાર ઇંદ્રિયવાળા જીવ, (માખી, મસલાં, મચ્છર, ડાંસ, વીંછી, ભમરા વિગેરે.)

પંચિંદિયા—પાંચ ઇંદ્રિયવાળા જીવ, (જળચર, સ્થળચર, ઉરપર, ભુજપર, ખેચર, તથા મનુષ્ય, દેવ, નારકી વિગેરે.)

૧. **અભિહયા**—(ઉપર ગણાવેલા જીવોમાં સર્વ જીવોનો સમાવેશ થાય છે) તેમને સામાં આવતાં હણ્યા હોય.

૨. **વત્તિયા**—ધુળે કરી ઢાંકયા હોય.

૩. **લેસિયા**—જમીન સાથે ઘસ્યા કે મસળ્યા હોય.

૪. **સંઘાઇયા**—એકબીજાનાં શરીરને મેળવી વ્યાપ્તિ કરાવેલ હોય.

૫. **સંઘટ્ટિયા**—સઘટ્ટના-સ્પર્શના કરી ખેદ પમાડયો હોય.

૬. **પરિયાવિયા**—પરિતાપ, દુઃખ ઉપજાવ્યુ હોય.

૭. **કિલામિયા**—કિલામના-ગ્લાનિ ઉત્પન્ન કરી હોય.

૮. **ઉદ્દવિયા**—ઉદવેગ, ત્રાસ, ધ્રાસકો પમાડયો હોય.

૯. **ઠાણાઓઠાણં**—એક સ્થાનેથી બીજે સ્થાને.
સંકામિયા—સંક્રમણ (લઇ જવું) કર્યુ હોય.

૧૦. **જીવિયાઓ**—જીવિતથી.
વવરોવિયા—જુદા કર્યા-મારી નાંખ્યા હોય.

તસ્સ મિચ્છા મિ દુક્કડં—(ઉપર પ્રમાણે કાંઇ પણ થયું હોય) તેનું તે સંબંધી દુષ્કૃત-પાપ લાગ્યું હોય તે મિથ્યા થાઓ.

પાઠ ૪ થો. તસ્સ ઉત્તરીનો.

(કાઉસગ્ગના આગાર બતાવવાનો.)

તસ્સ—તેની (ઇરિયા વહિયાના પાઠથી આલોવતાં છતાં રહી ગયેલ પાપવાળા આત્માની)

ઉત્તરીકરણેણં—વિશેષ શુદ્ધિ કરવાને.

પાયચ્છિત્તકરણેણં—લાગેલાં પાપનું .છેદન કરવાને.

વિસોહિકરણેણં—આત્માને (વિશુદ્ધ) વધારે નિર્મળ કરવાને.

વિસલ્લીકરણેણં—ત્રણ શલ્ય (કપટ, નિયાણું, મિથ્યાત્વ એ ત્રણ) થી રહિત કરવાને.

પાવાણં કમ્માણં—અઢારે પ્રકારનાં પાપથી ઉત્પન્ન થએલા આઠ કર્મો, તેને.

નિગ્ઘાયણટ્ઠાએ—નિર્ઘાતન એટલે ઉચ્છેદ-નાશ કરવાને અર્થે.

ઠામિ કાઉસ્સગ્ગં—સ્થિત થાઉં છું (કાયોત્સર્ગ-શરીરના વ્યાપારનો ત્યાગ) કાઉસગ્ગ પ્રત્યે.

અન્નથ—અન્યત્ર. (બીજું લક્ષમાં રાખવાનું એ છે કે હવે ઉચ્છ્વાસાદિ આગારો કહેવાશે, તે વર્જીને કાયાના વ્યાપારનો ત્યાગ કરવાનો છે. તે આગારો કહે છે.)

ઉસસિએણં—ઉંચો શ્વાસ લેવા વડે-૧.

નિસસિએણં—નીચો શ્વાસ મુકવા વડે-૨.

ખાસિએણં—ખાંસી, ઉધરસ આવ્યા વડે-૩.

છીએણં—છીંક આવવા વડે-૪.

જંભાઇએણં—બગાસું આવવા વડે-૫.

ઉડ્ડુએણં—ઓડકાર આવવા વડે-૬.

વાયનિસગ્ગેણં—વાયુ અધો દ્વારે જવા વડે-૭.

ભમલિએ—ભમરી, ચક્કર, ફેર આવ્યા વડે-૮.
પિત્તમુચ્છાએ—પિત્તનો પ્રકોપ તથા મૂર્ચ્છા વડે-૯-૧૦.
સુહુમેહિં અંગસંચાલેહિં—સૂક્ષ્મ અંગના ચાલવા વડે-૧૧.
સુહુમેહિં ખેલસંચાલેહિં—સૂક્ષ્મ શ્લેષ્મ-કફ-ગળવાથી થતા સંચાર વડે-૧૨.
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં—સૂક્ષ્મ દૃષ્ટિના ચાલવા વડે-૧૩.
એવમાઈ એહિં આગારેહિં—(જે તેર આગાર ઉપર જણાવ્યા) એ આદિ દઈને એટલે ચોર અથવા રાજા કે અગ્નિ કે હિંસક પ્રાણીના ભયથી કાઉસગ્ગ છૂટી જાય તો તેવા પ્રકારના અકસ્માતના આગારે કરીને.
અભગ્ગો—(કરેલ કાઉસગ્ગ) અભગ્ન-ભાગે નહિ.
અવિરાહિઓ—અવિરાધિત-હાનિ પહોંચે નહિ (એ પ્રકારે)
હુજ્જ મે કાઉસગ્ગો—મારો કાયોત્સર્ગ હોજો.
જાવ—જ્યાં સુધી.
અરિહંતાણં ભગવંતાણં—અરિહંત ભગવાનને.
નમોક્કારેણં—નમસ્કાર વડે.
ન પારેમિ-પારું નહિ એટલે કાયોત્સર્ગના પારને ન પામું-સમાપન કરું.
તાવ—ત્યાં સુધી.
કાયં—શરીરને.
ઠાણેણં—એકજ સ્થાનકે સ્થિર રાખીને.
મોણેણં—મૌન રહીને.
ઝાણેણં—ધર્મધ્યાને કરીને (મનને એકાગ્ર કરીને)
અપ્પાણં વોસિરામિ—સાવદ્ય વ્યાપાર થકી આત્માને (કાયાને) દૂર કરું છું.

પાઠ ૫ મો. લોગસ્સનો (જિન સ્તુતિનો.)

શ્લોક. લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિત્થયરે જિણે;
અરિહંતે કિત્તઇસ્સં, ચઉવિસંપિ કેવલી. ૧

આર્યા. ઉસભમજિયં ચ વંદે, સંભવમભિનંદણં ચ સુમઇં ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. ૨
સુવિહિં ચ પુપ્ફદંતં, શીયલસિજ્જંસ વાસુપુજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. ૩
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ૪
એવં મએ અભિથુયા, વિહુય રયમલા પહીણજરમરણા;
ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. ૫
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરૂગ્ગ બોહિલાભં, સમાહિ વરમુત્તમં દિંતુ. ૬
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવર ગંભીરા, સિદ્ધાસિદ્ધિં મમ દીસંતુ.

લોગસ્સ—લોકના (સ્વર્ગ, મૃત્યુ, પાતાળ ત્રણ લોકને વિષે)
ઉજ્જોયગરે—ઉદ્યોત-પ્રકાશના કરનારા (કેવળ જ્ઞાનરૂપ પ્રદીપથી)
ધમ્મતિત્થયરે—જેનાથી તરાય છે એવા ધર્મરૂપ તીર્થના કરનારા.
જિણે—રાગદ્વેષને જીતનારા એવા જીનોને.
અરિહંતે—કર્મરૂપ શત્રુને હણનારા અરિહંતોને.
કિત્તઇસ્સં—કીર્તન-પ્રશંસા-સ્તુતિ કરીશ.
ચઉવિસં પિ—ચોવીશ તીર્થંકરો તથા તે સિવાય બીજા પણ.
કેવલી—કેવળ જ્ઞાનીઓને.
ઉસભ—શ્રી રૂષભદેવને ૧.

મજિયં ચ વંદે—અને શ્રી અજીતનાથને વાંદુ છું ૨.
સંભવ—શ્રી સંભવનાથને ૩.
મભિનંદણું ચ—અને શ્રી અભિનંદન સ્વામીને, ૪.
સુમઇં ચ—વળી સુમતિનાથને, ૫.
પઉમપ્પહં—પદ્મપ્રભુને, ૬.
સુપાસં—સુપાર્શ્વનાથને, ૭.
જિણં ચ ચંદપ્પહં વંદે—વળી જીન એવા ચંદપ્રભુને વાંદું છું ૮.
સુવિહિં ચ પુપ્ફદંતં—વળી સુવિધિ પ્રભુનું બીજું નામ પુષ્પદંત પ્રભુ પણ છે તેમને ૯.

સિયલ—શ્રી શીતળનાથને ૧૦.
સિજ્જંસ—શ્રી શ્રેયાંસનાથને, ૧૧.
વાસુપુજ્જં ચ—અને શ્રી વાસુપુજ્યને, ૧૨.
વિમલ—શ્રી વિમળનાથને, ૧૩.
મણંતં ચ જિણં—શ્રી અનંતનાથજીને, વળી ૧૪.
ધમ્મં—ધર્મનાથને, ૧૫.
સંતિં ચ વંદામિ—વળી શાંતિનાથને વાંદું છું. ૧૬.
કુંથું—શ્રી કુંથુનાથને, ૧૭.
અરં ચ—શ્રી અરનાથને વળી ૧૮.
મલ્લિં—શ્રી મલ્લિનાથને, ૧૯.
વંદે મુણિસુવ્વયં—વાંદું છુ શ્રી મુનિસુવ્રતને, ૨૦
નમિજિણં ચ—તથા નમિજીનને, ૨૧.
વંદામિ રિટ્ઠનેમિં—વાંદું છુ શ્રી અરિષ્ટનેમિને, ૨૨.
પાસં તહ—શ્રી પાર્શ્વનાથને તથા ૨૩.
વદ્ધમાણં ચ—શ્રી વર્ધમાનને (મહાવીર સ્વામીને) ૨૪.

એવં મએ—એ પ્રકારે મેં-મારા જીવે.

અભિથુયા—નામપૂર્વક સ્તવ્યા-સ્તુતિ કરી

વિહુય રયમલા—(તે તીર્થંકરો કેવા છે ?) ટાળી છે કર્મરૂપ રજ જેમણે એવા.

પહીણ જરમરણા—પ્રક્ષીણ-ક્ષય કર્યાં છે જરા ને મરણુ જેમણે.

ચઉવીસં પિ—ચોવીશે તીર્થંકરો તથા અન્ય પણ

જિનવરા—જીનવરો એટલે સામાન્ય કેવળજ્ઞાની

તિથ્થયરા મે—તીર્થંકર દેવો મારા ઉપર.

પસીયંતુ—પ્રસન્ન થાઓ-કૃપા કરો.

કિત્તિય—કિર્તિત-ઇંદ્રાદિથી કીર્તના કરાયેલા.

વંદિય—વંદિત-ઇંદ્રાદિથી વંદાયેલા.

મહિયા—મહિત-ઇંદ્રાદિથી પૂજાયેલા.

જે એ—એવા જે તે.

લોગસ્સ—લોકના (લોકના વિષે)

ઉત્તમા—ઉત્તમ-પ્રધાન.

સિદ્ધા—સિદ્ધ થયા છે-જેના સર્વ અર્થ સંપૂર્ણ થયા છે.

આરૂગ્ગ—આરોગ્યતા-રોગરહિતપણું.

બોહિલાભં—બોધિલાભ-સમ્યકત્વને.

સમાહિવરમુત્તમં દિંતુ—પ્રધાન અને ઉત્તમ પ્રકારની સમાધિ (પરમ શાંતિ) ને આપો.

ચંદેસુ નિમ્મલયરા—ચંદ્રમા કરતાં અતિશય નિર્મળ.

આઇચ્ચેસુ અહિયં પયાસયરા—સૂર્યથકી અધિક પ્રકાશના કરનારા.

સાગરવર ગંભીરા—સાગરમાં મોટા સ્વયંભૂરમણ સમુદ્ર તેની પેઠે ગંભીર એવા.

સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ—સિદ્ધ પરમાત્મા! સિદ્ધિ-મુક્તિ મને આપો.

પાઠ ૬ ઠો. કરેમિ ભંતેનો.
(સામાયક આદરવાની વિધિનો.)

દ્રવ્યથકી સાવજ્જ જોગનાં પચ્ચખાણ—જે પાપ વસ્તુ તેના યોગને તજું છું.

ક્ષેત્રથકી આખા લોક પ્રમાણે--(તે પાપો કયા ક્ષેત્ર આશ્રી ?) સર્વ લોકના પ્રમાણુમાં.

કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાં સુધી—(તેનો વખત કેટલો ?) બે ઘડી ઉપરાંત મારી ઇચ્છાપર્યંત.

ભાવ થકી છ કોટીએ પચ્ચખાણ--મારા શુદ્ધ અંતઃકરણે કરી છ પ્રકારે પાપયોગને ત્યજું છું (બંધી કરૂં છું) (આટલો પાઠ આચાર્યોએ પાછળથી વધારે સમજણ પડે તેટલા માટે ગુજરાતી ભાષામાં યોજેલો છે) હવે પચ્ચખાણનો મૂળ પાઠ.

કરેમિ ભંતે—(હું) કરૂં છું હે પૂજ્ય ભગવન્--ભદંત (કલ્યાણકારી) ભયાંત (ભયનો અંત કરનાર) ભવાંત (ભવનો અંત કરનાર).

સામાઇયં—સામાયિકને.

સાવજ્જં જોગં—સાવદ્ય-પાપ તેના યોગ એટલે વ્યાપારને.

પચ્ચખામિ--બંધ કરૂં છું, નિષેધું છું, ત્યજું છું.

જાવ—જ્યાં સુધી.

નિયમં—(ઉપર વખત જણાવેલ છે) તે મર્યાદા સુધી.

પજ્જુવાસ્સામિ—એ વ્રતને સેવું ને તેમાં જ વર્તું.

દુવિહં—બે પ્રકારે } નીચે બે કરણ અને
તિવિહેણં—ત્રણ પ્રકારે } ત્રણ યોગ બતાવે છે તે.

ન કરેમિ—હું પોતે સાવદ્ય વ્યાપાર(પાપ)કરૂં નહિ } આ પ્રકારના બે
ન કારવેમિ—અન્ય પાસે પાપ કરાવું નહિ } કરણ કહેવાય છે.

મણસા--મને કરી
વયસા--વચને કરી
કાયસા--કાયાએ કરી
} આ ત્રણ પ્રકારના યોગ ગણાય છે.

તસ્સ ભંતે--તે બે કરણ ને ત્રિણ યોગે ગુણતાં ૭ કોટીએ (૬ પ્રકારે) એ પાપરૂપ વ્યાપારોને હે ભગવન્

પડિક્કમામિ--ત્યજું છું-તેથી નિવર્તું છું.

નિંદામિ--તે પાપોને આત્મસાક્ષીએ નિંદું છું.

ગરિહામિ--ગર્હા કરૂં છું-ગુરૂ સાક્ષીએ ધિક્કારૂં છું.

અપ્પાણં--અશુભ યોગમાં પ્રવેશ કરતાં આત્માને પાપો થકી

વોસિરામિ--ત્યજું છું.

પાઠ ૭ મો. નમોત્થુણંનો.

નમોત્થુણં--નમસ્કાર હો.

અરિહંતાણં--શ્રી અરિહંતો (કર્મ શત્રુને હણનારા) ને

ભગવંતાણં--શ્રી સિદ્ધ ભગવંતોને (તે પ્રભુ કેવા છે ? તેનાં વિશેષણો નીચે પ્રમાણે.)

આઇગરાણં--ધર્મની આદિના કરનારા એટલે ધર્મના પ્રથમ સ્થાપકો.

તિત્થયરાણં--ચાર તીર્થો (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) ના સ્થાપનારા.

સયંસંબુદ્ધાણં--સ્વયં-પોતાની મેળે સર્વ પ્રકારના બોધને પામનારા.

પુરિસોત્તમાણં--પુરૂષોમા ઉત્તમ-પ્રધાન.

પુરિસસિહાણં--પુરૂષોમાં સિંહ સમાન.

પુરીસવરપુંડરિયાણં--પુરૂષોમાંપ્રધાન ઉજ્વળ પુંડરિક કમળના સમાન.

પુરિસવરગંધહત્થીણં--પુરૂષોમાં પ્રધાન ગંધહસ્તિ સમાન.

લોગુત્તમાણં--ત્રણ લોકમાં ઉત્તમ.

લોગનાહાણં--ત્રણ લોકના નાથ.
લોગહિયાણં--ત્રણ લોકના હિત કરનારા.
લોગપઈવાણં--ત્રણ લોકને વિષે પ્રદીપ સમાન.
લોગપજ્જોયગરાણં--ત્રણ લોકમાં પ્રદ્યોત કરનારા.
અભયદયાણં--અભય દાનના દેનારા.
ચક્ખુદયાણં—જ્ઞાનરૂપ ચક્ષુ દેનારા.
મગ્ગદયાણં—મોક્ષ માર્ગના બતાવનારા.
સરણદયાણં--જન્મ મરણથી ત્રાસ પામેલાને શરણે રાખનારા.
જીવદયાણં--સંયમ અથવા જ્ઞાનરૂપ જીવતરના આપનારા.
બોહિદયાણં--સમ્યક્ત્વરૂપ સદ્‌બોધને આપનારા.
ધમ્મદયાણં--ધર્મરૂપ અમર બુટ્ટીના દાતારો.
ધમ્મદેસિયાણં—ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજાવનારા.
ધમ્મનાયગાણં—(કર્મની ફોજ સામે યુદ્ધ કરનારા) ધાર્મિક લશ્કરના નાયકો.
ધમ્મસારહિણં--ધાર્મિક રથના સારથીઓ.
ધમ્મવરચાઉરંતચક્કવટ્ટિણં--ધાર્મિક સેનાવડે ચાર ગતિનો અંત (વિજય) કરવામાં ચક્રવર્તી સમાન.
દીવો તાણં--(સંસારરૂપ સમુદ્રમાં પડેલા જીવોને) બેટ સમાન પ્રાણ બચાવનારા.
સરણ ગઈ પઇઠા—ચાર ગતિમાં ધસી પડતા જીવોને શરણ આધારભૂત.
અપ્પડિહયવર નાણ દંસણ ધરાણં--કોઇ પદાર્થથી હણાય નહિ એવા પ્રધાન (કૈવલ્ય) જ્ઞાનદર્શનને ધારણ કરનારા.
વિયટ્ટછઉમાણં--વિગત-ગયું છે છદ્મ-કર્મરૂપ આચ્છાદન જેમને એવા
જિણાણં--રાગદ્વેષને જીતનારા.

જાવયાણં—અને બીજાને જીતાવનારા.
તિન્નાણં—ભવરૂપ સમુદ્રને તરનારા.
તારયાણં—અને બીજાને તારનારા.
બુદ્ધાણં—પોતે તત્વને જાણનારા.
બોહિયાણં—અને બીજાને તત્વ જણાવનારા.
મુત્તાણં—પોતે મુકાણા, અને.
મોયગાણં—બીજાને મુકાવનારા.
સવ્વન્નુણં—સર્વ જ્ઞાનવાળા-સર્વ પદાર્થને જાણનારા
સવ્વદરિસિણં—સર્વદર્શી (સર્વ પદાર્થને દેખનારા.)
સિવ—ઉપદ્રવરહિત કલ્યાણરૂપ (આંહીથી બધાં વિશેષણો સિદ્ધ સ્થાનનાં છે.)
મયલ—અચલ.
મરૂય—રોગરહિત.
મણંત—અનંત-જેનો અંત-નાશ નથી એવા.
મક્ખય—અક્ષય-જેનો ક્ષય નથી એવા.
મવ્વાબાહ—બાધા પીડા રહિત.
મપુણરાવિત્તિં જ્યાંથી ફરીને અવતરવું નથી એવા.
સિદ્ધિગઇનામધેયં—સિદ્ધિગતિ એવું નામ છે જેનું.
ઠાણંસંપત્તાણં—એ સ્થાનને પામેલા એવા.
નમો જિણાણં—જીનોને મારો નમસ્કાર હોજો.
જિયભયાણં—કે જેમણે ભય માત્રનો વિજય કર્યો છે.

પહેલું નમોથ્થુણં શ્રી સિદ્ધ ભગવંતજીને કરવાનું છે.

બીજું નમોથ્થુણં શ્રી અરિહંત દેવને કરવાનું, છે, તેમાં એવી રીતે સમજવાનું કે **પહેલા નમોથ્થુણંની** માફકજ **પહેલેથી "સિદ્ધિગઇનામધેયં"** શબ્દ સુધી **કહેવું** અને **"ઠાણંસંપત્તાણં"**

શબ્દના બદલે " ઠાણંસંપાવિઉં કામાણં " શબ્દ બોલવો અને ત્યાર પછીના બોલવા નહિ.

ત્રીજું નમોથ્થુણં--વર્તમાનકાળના સ્વધર્માચાર્યને કરવાનું છે તે એવી રીતે કે-માહરા ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યક્ત્વરૂપી બોધિબીજના દાતાર, જીનશાસનના શણગાર, એહવી અનેક સર્વ શુભોપમાએ બિરાજમાન પૂજ્યજી સાહેબજી શ્રી ૧૦૮ ....સ્વામીજી આદિ, સાધુ સાધ્વીજી વીતરાગની આજ્ઞા પ્રમાણે જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં તેઓને મારી સમય સમયની વંદના હોજો.

પાઠ ૮ મો. સામાયક પાળવાની વિધિનો.

દ્રવ્ય થકી સાવજ જોગનાં પચખાણ કર્યા હતાં, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાં સુધી ભાવ થકી છ કોટીએ પચખાણ કર્યા હતાં તે પુરાં થયાં પાળું છું.

એહવા નવમા સામાયિક વ્રતના--અંગીકાર કરેલા સામાયિક નામના નવમા વ્રતના.

પંચ અઇયારા જાણિયવ્વા--પાંચ અતિચારો છે તે, જાણવા પણ.

ન સમાયરિયવ્વા--તે સમાચરવા નહિ (આદરવા નહિ).

તં જહા તે આલોઉં--તે જેમ છે તેમ વિચારૂં છું.

મણ દુપ્પડિહાણે--મન માઠી રીતે પ્રવર્ત્યુ હોય.

વય દુપ્પડિહાણે--વચન માઠી રીતે પ્રવર્ત્યું હોય.

કાય દુપ્પડિહાણે--કાયા માઠી રીતે પ્રવર્તી હોય.

સામાઇયસ્સ સઇ અકરણયાએ--સામાયિકને આદર્યા છતાં પૂર્ણ કર્યું ન હોય.

સામાઇયસ્સ અણવઠિયસ્સ કરણયાએ--સામાયિક અવ્યવસ્થિતપણાએ કર્યું હોય.

તસ્સ મિચ્છામિ દુક્કડં—તેનું પાપ મારૂં મિથ્યા થાઓ.

સામાયિક સમકાએણં—સામાયિકને સમ્યક્ પ્રકારે કાયાએ કરીને.

ન ફાસિયં, ન પાલિયં, ન તિરિયં,—ન સ્પર્શ્યું (અંગીકાર કર્યું) હોય, ન પાળ્યું હોય, ન પાર ઉતાર્યું હોય.

ન કિટ્ટિયં, ન સોહિયં, ન આરાહિયં,—ન કીર્તના કરી હોય, ન શુદ્ધ કર્યું હોય, ન આરાધના કરી હોય.

આણાએ અણુપાલિતા ન ભવઈ—આજ્ઞાનુસાર પાલન કર્યું ન હોય.

તસ્સ મિચ્છા મિ દુક્કડં—તે સંબંધીનું મારૂં પાપ મિથ્યા થાઓ.

સામાયિકમાં દશ મનના, દશ વચનના, બાર કાયાના એમ બત્રીશ દોષ માંહેલો જો કોઇ દોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં સ્ત્રીકથા, ભત્તકથા, દેશકથા, રાજકથા એ ચાર વિકથા માંહેલી કોઇ કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, એ ચાર સંજ્ઞા માંહેલી કોઇ સંજ્ઞાનું સેવન કર્યું હોય તો, તસ્સ મિચ્છામિ દુક્કડં.

સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતાં અજાણતાં, મને વચન કાયાએ કરી કોઇ દોષ લાગ્યો હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

સામાયિકમાં કાનો, માત્રા, મીંડી, પદ, અક્ષર, હ્રસ્વ દીર્ઘ, ઓછું અધિક, વિપરીત ભણાણું હોય તો, અનંત સિદ્ધ કેવળી પ્રભુની સાક્ષીએ, તસ્સ મિચ્છા મિ દુક્કડં.

श्री वीतरागदेवाय नमः ॥

શ્રી પ્રતિક્રમણ સૂત્ર.

———:-:-:૦:-:-:———

"સામાયિક" અંગીકાર કર્યા પછી સવિનયે ઉભા થઇ બે હાથ જોડી ગુરૂજીને યથાવિધિ વંદના કરી "પહેલા× આવશ્યકની આજ્ઞા" માગી નવકાર મંત્ર ને તિખ્ખુતોનો પાઠ ભણવો.

પાઠ ૧ લો. ઇચ્છામિણં ભંતેનો.

ઈચ્છામિણં ભંતે તુભેહિં અભણુનાયસમાણે દેવસિ પડિકમણું ઠાએમિ ॥ દેવસિ જ્ઞાન દર્શન ચારિત્ર (તપ*) અતિચાર ચિંતવનાર્થં કરેમિ કાઉસગ્ગં ॥ ૧ ॥

અહીં "નમોક્કાર" નો પાઠ અને "કરેમિ ભંતે સામાઇયં" થી માંડી "વોસિરામિ" સુધીનો પાઠ બોલવો.

પાઠ ૨ જો. ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગંનો.

ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગં ॥ જો મે દેવસીઓ અઇયારો કઓ ॥ કાઇઓ વાઇઓ માણસીઓ ॥ ઉસુત્તો ઉમગ્ગો ॥ અકપ્પો અકરણિજ્જો ॥ દુજ્ઝાઓ દુવિચિંતિઓ ॥ અણાચારો અણિછિયવ્વો ॥ અસાવગપાઉગ્ગો ॥ નાણે તહ દંસણે ચરિતાચરિતેય ॥ સુએસામાઇએ ॥ તિન્હં ગુત્તિણં ॥ ચઉન્હં કસાયાણં ॥ પંચન્હં મણુવયાણં ॥ તિન્હં ગુણવયાણં ॥

× પહેલા, બીજા તથા ત્રીજા, ત્રણે આવશ્યકની આજ્ઞા પણ સાથે મંગાય છે. હાલારમાં ત્રણેની આજ્ઞા સાથે માગે છે.

* તપ-શબ્દ રાત્રી પ્રતિક્રમણમાં જ કહેવાનો છે.

ચઉન્હં સિખ્ખાવયાણં ॥ બારસ્સ વિહસ્સ સાવગધમ્મસ્સ ॥ જંખંડિયં જંવિરાહિયં, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨ ॥

અહીં " તસ્સઉત્તરીકરણેણં " નો પાઠ બોલવો, અને * નવાણું અતિચારનો કાઉસ્સગ્ગ કરવો. (ઇતિ પ્રથમ આવશ્યક સમાપ્ત.

[પછી પ્રથમની પેઠે ઉભા થઈ બીજા આવસ્યકની આજ્ઞા માગવી.] " લોગસ્સ " નો પાઠ બોલવો. (ઇતિ બીજો આવશ્યક સમાપ્ત ॥ ૨ ॥)

પછી ઉભા થઇ ત્રીજા આવસ્યકની આજ્ઞા માગવી, ને નીચેનો પાઠ બોલવો.

પાઠ ૩ જો. ઇચ્છામિ ખમાસમણાનો.

[આ પાઠ ઉત્કૃષ્ટી વંદણાનો છે ને તે ઉકડુ આસને બેસીને બે વખત બોલાય છે.]

ઇચ્છામિ ખમાસમણો ॥ વંદિઉં ॥ જાવણિજ્જાએ ॥ નિસીહિયાએ ॥ અણુજાણહ મે મિ ઉગ્ગહં ॥ નિસીહિ અહોકાયં ॥ કાયસંફાસં ॥ ખમણિજ્જોભેકિલામો ॥ અપ્પકિલંતાણં ॥ બહુસુભેણંભે ॥ દિવસો વઈકંતો ॥ જત્તાભે ॥ જવણિં જં ચ ભે ॥ ખામેમિ ॥ ખમાસમણો દેવસિયં, વઇક્કમં

* નવાણુ અતિચારની વિગત—જ્ઞાનના અતિચાર " જંવાઈધં " આદિ ૧૪, સમકિતનાં " શંકા " આદિ અતિચાર ૫, પહેલા છ વ્રતનાં દરેકનાં પાંચ પાંચ મળી ૩૦, સાતમા વ્રતનાં " સચિત્તાહારે " આદિ ૫ અને " ઇંગાલકમ્મે " આદિ ૧૫ કુલ ૨૦, આઠમા વ્રતથી માંડી બારમા વ્રત સુધીનાં દરેકનાં પાંચ પાંચ મળી ૨૫, સંથારાના ૫ એમ કુલ મળી ૯૯ અતિચાર ને એક નમોક્કારનો કાઉસગ્ગ કરવો.

આવસિયાએ પડિક્કમામિ, ખમાસમણાણં ॥ દેવસીઆએ ॥ આસાયણાએ ॥ તિતિસંનયરાએ ॥ જંકિંચિમિચ્છાએ ॥ મણ-દુક્કડાએ ॥ વયદુક્કડાએ ॥ કાયદુક્કડાએ ॥ કોહાએ ॥ માણાએ ॥ માયાએ ॥ લોહાએ ॥ સવ્વ કાલિયાએ ॥ સવ્વ-મિચ્છોવયારાએ ॥ સવ્વધમ્માઇકમણાએ ॥ આસાયણાએ ॥ જોમેદેવસીઓ ॥ અઇયારોકઓ ॥ તસ્સ ખમાસમણો ॥ પડિક્કમામિ ॥ નિંદામિ ॥ ગરિહામિ ॥ અપ્પાણં વોસિરામિ ॥ ૩ ॥

ઇતિ ત્રીજો આવશ્યક સમાપ્ત ॥૩॥

(અહીંઆ ઉભા થઈ પ્રથમની પેઠે ચોથા આવશ્યકની આજ્ઞા માગવી.)

પાઠ ૪ થો જ્ઞાનના અતિચારનો.

દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આળોઉં. આગમે ॥ તિવિહે ॥ પન્નત્તે ॥ તંજહા ॥ સુત્તાગમે ॥ અથ્થાગમે ॥ તદુભયાગમે ॥ એહવા શ્રીજ્ઞાનને વિષે જે અતિચાર લાગ્યો હોય તે આળોઉં ॥ જંવાઇધં ॥ વચ્ચામેલીયં ॥ હીણખરં ॥ અચ્ચખરં ॥ પયહીણં ॥ વિણયહીણં ॥ જોગહીણં ॥ ઘોસ-હીણં ॥ સુઠુદિન્નં ॥ દુઠુપડિછિયં ॥ અકાલેકઓસઝ્ઝાઓ ॥ કાલેનકઓસઝ્ઝાઓ ॥ અસઝ્ઝાઇએ સઝ્ઝાઇયં ॥ સઝ્ઝાઇએ નસઝ્ઝાઇયં ॥ તસ્સ મિચ્છા-મિ દુક્કડં ॥ ૪ ॥

પાઠ ૫ મો સમકિતનો.

દંસણ સમકિત ॥ પરમથ્થ સંથ્થવો વા ॥ સુદિઠપરમથ્થ ॥ સેવણાવાવિ ॥ વાવન્ન કુંદસણ વજ્જણા ॥ સમત્તસદ્દહણા ॥ એહવા સમકિતના સમણોવાસએણં ॥ સમત્તસ્સ પંચ અઇયારા ॥ પાયાલા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ સંકા ॥ કંખા ॥ વિતિગિછ્છા ॥ પરપાસંડ પરસંસા ॥ પરપાસંડ સંથવો ॥ એ પાંચ અતિચાર મધ્યે જે કોઇ અતિચાર લાગ્યા હોય તો, તસ્સમિછ્છામિદુક્કડં ॥ ૫ ॥

પાઠ ૬ ઠો પ્રાણાતિપાતનિવૃત્તિનો. ૧ લું વ્રત.

પહિલું અણુવ્રત થુલાઓ ॥ પાણાઇવાયાઓ ॥ વેરમણં ॥ ત્રણ જીવ ॥ બેઇંદ્રિય ॥ તેઇંદ્રિય ॥ ચઉરિંદ્રિય ॥ પંચેદ્રિય ॥ જાણી પ્રીછી સ્વસંબંધી શરીર માંહિલા પીડાકારી ॥ સઅપરાધી વિગલેંદ્રિયવિના આકુટીએ હણવા નિમિત્તે હણવાના પચ્ચખાણ ॥ તથા સૂક્ષ્મ એકેંદ્રિય પણ હણવાના પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા પહિલા થુલપ્રાણાતિપાત વેરમણ વ્રતના ॥ પંચઅઇયારા ॥ પાયાલા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ બંધે ॥ વહે ॥ છવિછેએ ॥ અઇભારે ॥ ભત્તપાણવોછેએ ॥ એહવા પહેલા વ્રતને વિષે પાપદોષ લાગ્યા હોય તો, તસ્સમિછ્છામિદુક્કડં ॥ ૬ ॥

પાઠ ૭ મો મૃષાવાદ વિરમણનો. બીજું વ્રત.

બીજું અણુવ્રત થુલાઓ ॥ મુસાવાયાઓ વેરમણં ॥ કન્નાલિક ॥ ગોવાલિક ॥ ભોમાલિક ॥ થાપણમોસો ॥ મોટકી કુડીસાખ ॥ ઈત્યાદિક મોટકું જુઠું બોલવાના પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા બીજા થુલ મૃષાવાદ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા॥ તંજહા ॥ તે આળોઉં॥ સહસ્સાભખાણે ॥ રહસ્સાભખાણે ॥ સદારમંતભેએ ॥ મોસોવએસે ॥ કુડલેહકરણે ॥ એહવા બીજા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૭ ॥

પાઠ ૮ મો અદત્તાદાન વિરમણનો. ત્રીજું વ્રત.

ત્રીજું અણુવ્રત થુલાઓ ॥ અદિનાદાણાઓ વેરમણં ॥ ખાતર ખણી ॥ ગાંઠડી છોડી ॥ તાલા ઉપર કુંચીએ કરી ॥ પડી વસ્તુ ધણીઆતી જાણી ॥ ઇત્યાદિક મોટકું અદત્તાદાન લેવાનાં પચ્ચખાણ ॥ સગાં સંબંધી, વ્યાપાર સંબંધી, તથા નિભરમી વસ્તુ ઉપરાંત, અદત્તાદાન લેવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા ત્રીજા થુલ અદત્તાદાન વેરમણ વ્રતના ॥ પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ તિનાહડે ॥ તક્કરપઉગે ॥ વિરૂદ્ધરજાઇક્કમે ॥ કુડતોલે કુડમાણે ॥ તપડિરૂવ-

ગવવહારે ॥ એહવા ત્રીજા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૮ ॥

પાઠ ૯ મો. મૈથુન વિરમણનો. ચોથું વ્રત.

ચોથું અણુવ્રત થુલાઓ ॥ મેહુણાઓ વેરમણં ॥ * સદારસંતોસીએ ॥ અવસેસં મેહુણવિહંના પચ્ચખાણ ॥ અને જે સ્ત્રી પુરૂષને મૂળ થકી કાયાએ કરી મેહુણ સેવવાનાં પચ્ચખાણ હોય ॥ તેહને દેવતા, મનુષ્ય, તિર્યંચ સંબંધી મેહુણનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દેવતા સંબંધી ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ મનુષ્ય તિર્યંચ સંબંધી, એગવિહં ॥ એગવિહેણં ॥ નકરેમિ ॥ કાયસા ॥ એહવા ચોથા થુલ મેહુણ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ઈતરિય પરિગહિય ગમણે ॥ અપરિગહિય ગમણે ॥ અનંગક્રીડા ॥ પરવિવાહકરણે ॥ કામભોગેસુ તિવ્વાભિલાસા ॥ એહવા ચોથા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૯ ॥

પાઠ ૧૦ મો પરિગ્રહ વિરમણનો. પાંચમું વ્રત.

પાંચમું અણુવ્રત થુલાઓ પરિગ્ગહાઓ વેરમણં ॥ ખેતવથ્થુનું યથા પરિમાણ ॥ હિરણ સોવન્નનું યથા પરિમાણ ॥ ધનધાનનું યથા પરિમાણ ॥ દુપદ ચઉપદનું યથા પરિમાણ ॥ કુવિયનું યથા પરિમાણ ॥ એ યથા પરિમાણ કીધું છે તે

---

* સ્ત્રીએ " સભર્તાસંતોસીએ " કહેવું.

ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ એગવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા પાંચમા થુલ પરિગ્રહ પરિમાણ વેરમણ વ્રતના પંચઅઈયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ખેતવથ્થુ પમાણાઈક્કમ્મે ॥ હિરણસોવન પમાણાઈક્કમ્મે ॥ ધનધાન પમાણાઇક્કમ્મે ॥ દુપદ ચઉપદ પમાણાઇક્કમ્મે ॥ કુવિય પમાણાઇક્કમ્મે ॥ એહવા પાંચમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૦ ॥

પાઠ ૧૧ મો દિશાપરિમાણનો. છઠું વ્રત.

છઠું દિશિવ્રત ॥ ઉદ્ધદિશિનું યથા પરિમાણ ॥ અધોદિશિનું યથા પરિમાણ ॥ તિરિયદિશિનું યથા પરિમાણ ॥ એ યથા પરિમાણ કીધું છે, તે ઉપરાંત સઈચ્છાએ કાયાએ જઇને પાંચે આશ્રવ સેવવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા છઠ્ઠા દિશિ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા તે આળોઉં ॥ ઉદ્ધદિશિ પમાણાઇક્કમે ॥ અધોદિશિ પમાણાઇક્કમે ॥ તિરિયદિશિ પમાણાઈક્કમે ॥ ખેતવુદ્ધિ ॥ સઈઅંતરધાએ ॥ એહવા છઠ્ઠા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૧ ॥

પાઠ ૧૨ મો ભોગોપભોગ મર્યાદાનો. સાતમું વ્રત.

સાતમું વ્રત ઉવભોગ-પરિભોગ-વિહં પચ્ચખાયમાણે ॥ ૧ ઉલ્લણીઆવિહં ૨ દંતણુવિહં ૩ ફળવિહં ૪ અભિંગણુવિંહ ૫ ઉવટ્ટણુવિહં ૬ મંજ્જણુવિહં ૭ વથ્થવિહં ૮ વિલેવણુવિહં ૯ પુફ્ફવિહં ૧૦ આભરણુવિહં ૧૧ ધુવવિહં ૧૨ પેજવિહં ૧૩ ભખ્ખણુવિહં ૧૪ ઉદનવિહં ૧૫ સૂપવિહં ૧૬ વિગયવિહં ૧૭ સાકવિહં ૧૮ મહુરવિહં ૧૯ જમણુવિહં ૨૦ પાણીવિહં ૨૧ મુખવાસવિહં ૨૨ વાહુનિવિહં ૨૪ વાહનવિહં ૨૪ સયણુવિહં ૨૫ સચિત્તવિહં ૨૬ દ૦વવિહં ॥ ઇત્યાદિકનું યથા પરિમાણુ કીધું છે, તે ઉપરાંત ઉવભોગ પરિભોગ ભોગ નિમિત્તે ભોગવવાનાં પચ્ચાણુ ॥ જાવજીવાએ ॥ એગવિહં ॥ તિવિહેણું ॥ નકરેમિ ॥ મણુસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા સાતમા ઉવભોગ પરિભોગ દુવિહે પન્નતે તંજહા ॥ ભોયણુાઉય ॥ કમ્મઉય ॥ ભોયણુાઉય સમણોવાસએણું ॥ પંચઅઇયારા ॥ જાણિયવ્વા નસમાયરિયવ્વા ॥ તંજહા તે આળોઉં ॥ સચિત્તાહારે ॥ સચિત્તપડિબદ્ધાહારે ॥ અપ્પોલિઓસહિ ભખ્ખણુયા ॥ દુપ્પોલીઓસહિ ભખ્ખણુયા ॥ તુછોસહિ ભખ્ખણુયા ॥ કમ્મઉણું સમણોવાસએણું ॥ પન્નરસ કમ્માદાણુાઇં ॥ જાણિયવ્વા નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ ઇંગાલકમ્મે ॥ વણુકમ્મે ॥ સાડિકમ્મે ॥ ભાડિકમ્મે ॥ ફોડિકમ્મે ॥ દંતવાણિજ્જે ॥ કેસવાણિજ્જે ॥ રસ-

વાણિજ્જે ॥ લખવાણિજ્જે ॥ વિસવાણિજ્જે ॥ જંતપીલ્લણકમ્મે ॥ નિલંછણકમ્મે ॥ દવગ્ગિદાવણયા ॥ સરદહતલાગ પરિસોસણઆ ॥ અસઈ પોસણઆ ॥ એહવા સાતમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૨ ॥

પાઠ ૧૨ મો. અનર્થદંડ વિરમણનો. ૮ મું વ્રત.

આઠમું વ્રત અણુથ્થાદંડનું વેરમણં ॥ ચઉવિહે અણુથ્થાદંડે ॥ પન્નતે ॥ તંજહા ॥ અવજ્ઝાણાચરિયં ॥ પપમાયાચરિયં ॥ હિંસપયાણં ॥ પાવકમ્મોવએસં ॥ એહવા આઠમા અણુથ્થાદંડ સેવવાનાં પચ્ચખાણ ॥ જાવજીવાએ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા આઠમા અણુથ્થાદંડ વેરમણ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ કંદપ્પે ॥ કુકકુઇએ ॥ મોહરિએ ॥ સંજુતાહિગરણે ॥ ઉવભોગ પરિભોગ અઇરત્તે ॥ એહવા આઠમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૩ ॥

પાઠ ૧૪ મો. સામાયકવ્રતનો. ૯મું વ્રત.

નવમું સામાયિક વ્રત સાવજ્જજોગનું વેરમણં ॥ જાવનિયમ પજ્જુવાસ્સામિ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવી સદ્દહણા પરૂપણાએ કરી સામાયિકનો અવસર આવે સામા-

યિક કરીએ તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા નવમા સામાયિક વ્રતના પંચઅઇઆરા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આલોઉં ॥ મણદુપ્પડિહાણે ॥ વયદુપ્પડિહાણે કાયદુપ્પડિહાણે ॥ સામાઇયસ્સ સઇ અકરણયાએ ॥ સામાઇયસ્સ અણવઠિયસ્સ કરણયાએ ॥ એહવા નવમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૪ ॥

પાઠ ૧૫ મો. દિશાવગાસીયાનો* ૧૦ મું વ્રત.

દશમું દિશાવગાસિક વ્રત ॥ દિનપ્રત્યે પ્રભાતથકી પ્રારંભીને પૂર્વાદિક છ દિશિ જેટલી ભૂમિકા મોકળી રાખી છે તે ઉપરાંત સઇચ્છાએ કાયાએ જઇને પાંચે આશ્રવ સેવવાનાં પચ્ચખાણ ॥ જાવ અહોરત્તં ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ જેટલી ભૂમિકા મોકળી રાખી છે તે માંહિ દ્રવ્યાદિકની મર્યાદા કીધી છે તે ઉપરાંત ઉવભોગ પરિભોગ ભોગ નિમિત્તે ભોગવવાનાં પચ્ચખાણ ॥ જાવ અહોરત્તં એગવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવા

*૧૦ મું દિશાવગાશિક વ્રત બાંધવાનો વિધિઃ—દ્રવ્યથકી સાવજ્જજોગ સેવવાનાં પચ્ચખાણ, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળથકી કાલનો દિવસ ઉગ્યા સુધી, ભાવથકી છ કોટીએ પચ્ચખાણ, દશમું દિશાવગાશિક વ્રત જાવ અહોરત્તં પજ્જુવાસ્સામિ, દુવિહં તિવિહેણં—નકરેમિ, ન કારવેમિ, મણસા વયસા કાયસા, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

દસમા દિશાવગાસિક વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ નસમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ આણુવણપઉગે ॥ પેસવણુપઉગે ॥ સદ્દાણુવાએ ॥ રૂવાણુવાએ ॥ બહિયા પોગ્ગલપખેવે ॥ એહવા દશમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૫ ॥

પાઠ ૧૬ મો પૌષધવ્રતનો* ૧૧ મું વ્રત.

અગ્યારમું પૌષધવ્રત ॥ અસણં ॥ પાણં ॥ ખાઇમં ॥ સાઇમંના પચ્ચખાણ ॥ અબ્રહ્મના પચ્ચખાણ ॥ મણિસોવનના પચ્ચખાણ ॥ માલાવન્નગવિલેવણના પચ્ચખાણ ॥ સથ્થમુસલાદિક સાવજ્જજોગના પચ્ચખાણ ॥ જાવઅહોરત્તં પજ્જુવાસ્સામિ ॥ દુવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ મણસા ॥ વયસા ॥ કાયસા ॥ એહવી સદ્દહણા પરૂપણાએ કરી પોષાનો અવસર આવે, પોષો કરૂં તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા અગ્યારમા પડિપુણ પૌષધ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાય-

* ૧૧ મું પરિપૂર્ણ પૌષધવ્રત બાંધવાનો વિધિઃ—દ્રવ્યથકી સાવજ્જજોગ સેવવાનાં પચ્ચખાણ, ક્ષેત્રથકી આખા લોકપ્રમાણે, કાળથકી કાલનો દિવસ ઉગ્યા સુધી, ભાવથકી છ કોટીએ પચ્ચખાણ, અગ્યારમું પડિપુણ પૌષધવ્રત, અસણં, પાણં, ખાઇમં, સાઈમંના પચ્ચખાણ, અબ્રહ્મ સેવવાનાં પચ્ચખાણ, મણિસુવર્ણનાં પચ્ચખાણ, માલાવન્નગવિલેવણનાં પચ્ચખાણ, સથ્થમૂસલાદિક સાવજ્જજોગ સેવવાનાં પચ્ચખાણ, જાવઅહોરત્તં પજ્જુવાસ્સામિ, દુવિહં તિવિહેણં—ન કરેમિ, ન કારવેમિ, મણસા વયસા કાયસા, તસ્સ ભંતે, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસરામિ.

રિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં ॥ અપડિલેહિય દુપ-ડિલેહિય સેજ્જાસંથારએ ॥ અપમજ્જિય દુપમજ્જિય સેજ્જાસંથારએ ॥ અપડિલેહિય દુપડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ ॥ અપમજ્જિય દુપમજ્જિય ઉચ્ચાર પાસ-વણ ભૂમિ ॥ પોસહસ્સ સમંઅણુપાલણયા ॥ એહવા અગ્યારમા વ્રતને વિષે પાપદોષ લાગ્યો હોય તો, તસ્સ-મિચ્છામિદુક્કડં ॥૧૬॥+

+૧૧ મું. પૌષધવ્રત પાળવાનો વિધિ.

એહવા અગ્યારમા પડિપુણ પોષધ વ્રતના પંચ અઇયારા જાણીયવ્વા નસમાયરિયવ્વા તંજહા તે આળોઉં, અપડિલેહિય દુપડિલેહિય સેજ્જાસંથા-રએ ૧ અપમજ્જિય દુપમજ્જિય સેજ્જા સંથારએ ૨ અપડિલેહિય દુપડિ-લેહિય ઉચ્ચારપાસવણ ભૂમી ૩ અપમજ્જિય દુપમજ્જિય ઉચ્ચારપાસવણ ભૂમી ૪ પોસહસ્સ સમંઅણુપાલણયા ૫ એ પાંચ અતિચાર માંહીલા જો કોઈ અતિચાર લાગ્યા હોય તો, તસ્સમિછામિ દુક્કડં ૧.

પોષધવ્રતમાં સમકાએણં નફાસિયં નપાલિયં નતિરિયં નકિટ્ટિયં નસોહિયં નઆરાહિયં આણાએ અણુપાલીતા નભવઈ તસ્સમિચ્છામિદુક્કડં ૨.

પોષધવ્રતમાં એકવીશ દોષ માંહીલા જે દોષ લાગ્યા હોય તો, તસ્સ-મિચ્છામિ દુક્કડં ૩.

પોષધવ્રતમાં સ્ત્રીકથા, ભત્તકથા, દેશકથા, રાજકથા, એ ચાર કથા માંહીલી કથા કરી હોય તો તસ્સમિચ્છામિદુક્કડં. ૪.

પોષધવ્રતમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા પરિગ્રહસંજ્ઞા એ ચાર સંજ્ઞા માંહેલી કોઇ સંજ્ઞા કરી હોય તો તસ્સમિચ્છામિદુક્કડં. ૫.

પોષધવ્રત વિધિએ લીધું વિધિએ પાળ્યું વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં. ૬.

પાઠ ૧૭ મો અતિથિ સંવિભાગનો. ૧૨ મું વ્રત.

બારમું અતિથિ સંવિભાગવ્રત ॥ સમણે નિગ્ગંથે ॥ ફાસુએસણિજ્જેણં ॥ અસણં ॥ પાણં ॥ ખાઇમં ॥ સાઈમં ॥ વથ્થ ॥ પડિગ્ગહ કંબલ ॥ પાયપુછણેણં ॥ પાઢીઆરૂ ॥ પીઠ ॥ ફલગ ॥ સેજ્જા સંથારએણં ॥ ઉસહભેસજ્જેણં ॥ પડિલાભેમાણે ॥ વિહરામિ ॥ એહવી સદ્દહણા ॥ પરૂપણાએ કરી સાધસાધવીની જોગવાઈ મલે, તિવારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા બારમા અતિથિ સંવિભાગ વ્રતના પંચઅઇયારા ॥ જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આલોઉં ॥ સચિત્તનિખેવણિયા ॥ સચિત્તપેહણિયા ॥ કાલાઇક્કમે ॥ પરોવએસે ॥ મછરિયાએ ॥ એહવા બારમા વ્રતને વિષે પાપ દોષ લાગ્યો હોય તો, તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૧૭ ॥

પાઠ ૧૮ મો. અણસણ (સંથારો) કરવાની વિધિનો.

અપછિમ મારણંતિય સંલેહણા ॥ પોષધશાળા પુંજીને ॥

પોષધવ્રતમાં અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અણાચાર જાણતાં અજાણતાં મને વચને કાયાએ કરી જ્ઞાન દર્શન ચારિત્ર અને તપસંબંધી કોઇ દોષ લાગ્યા હોય તો તસ્સમિચ્છામિદુક્કડં. ૭.

પોષધવ્રતમાં કાનો માત્રા મીંડી પદ અક્ષર ઓછો અધિક વિપરીત ભણાણો હોય તો અનંત સિદ્ધ કેવળીની સાક્ષીએ મહારે મિચ્છામિદુક્કડં ૮.

૧૦ મું. વ્રત પાળવાનો વિધિ.

અગ્યારમા વ્રતની પેઠેજ કહેવાનું છે, પણ એટલો ફેર કે ૧૧ માને બદલે ૧૦ મું વ્રત બોલવું.

ઉચ્ચારપાસવણભૂમિકા પડિલેહિને ॥ ગમણાગમણે પડિક્કમિને ॥ દર્ભાદિક સંથારો સંથરીને ॥ દર્ભાદિક સંથારો દુરૂહિને ॥ પૂર્વ તથા ઉત્તર દિશિ પલ્યંકાદિક આસને બેસીને ॥ કરયલ સંપગ્ગહિં ॥ સિરસાવત્તયં ॥ મથ્થએ ॥ અંજલિકટ્ટુ ॥ એવંવયાસી ॥ નમોથ્થુણં ॥ અરિહંતાણં ॥ ભગવંતાણં ॥ જાવ સંપત્તાણં ॥ એમ અનંતાસિદ્ધને નમસ્કાર કરીને ॥ વર્તમાન પોતાના ધર્મગુરૂ ધર્માચાર્યને નમસ્કાર કરીને ॥ પૂર્વે જે વ્રત આદર્યાં છે તે આલોઇ, પડીક્કમી, નિંદી, નિસલ્લ થઇને ॥ સવ્વં પાણાઈવાયં પચ્ચખામિ ॥ સવ્વં મુસાવાયં પચ્ચખામિ ॥ સવ્વં અદિન્નાદાણં પચ્ચખામિ ॥ સવ્વં મેહુણં પચ્ચખામિ ॥ સવ્વં પરિગ્ગહં પચ્ચખામિ ॥ સવ્વં કોહં પચ્ચખામિ ॥ જાવ મિચ્છાદંસણસલ્લં અકરણિજ્જં જોગ પચ્ચખામિ ॥ જાવજ્જીવાએ ॥ તિવિહં ॥ તિવિહેણં ॥ નકરેમિ ॥ નકારવેમિ ॥ કરંતં નાણુજાણઈ ॥ મણસા વયસા કાયસા ॥ એમ અઢાર પાપસ્થાનક પચ્ચખીને ॥ સવ્વં અસણં ॥ પાણં ॥ ખાઈમં ॥ સાઇમં ॥ ચઉવિહં પિઆહારં પચ્ચખામિ ॥ જાવજ્જીવાએ એમ ચારે આહાર પચ્ચખીને ॥ જંપિયં ॥ ઇમં સરીરં ઇઠં કંતં પિયં ॥ મણુન્નં ॥ મણામં ॥ ધિજં ॥ વિસાસિયં ॥ સમયં ॥ અણુમયં ॥ બહુમયં ॥ ભંડકરંડગસમાણં ॥ રયણકરંડગભૂયં ॥ માણંસીયં ॥ માણં ઉન્હં ॥ માણં ખુહા ॥ માણં પિવાસા ॥ માણં બાલા ॥ માણં

ચોરા ॥ માણું દંસા ॥ માણું મસગા ॥ માણું વાઇય પિ-
ત્તિય સંભિમ સન્નિવાઇયં ॥ વિવિહારોગાયંકા પરિસહો-
વસગ્ગા ફાસાફુસંતીતિકટ્ટુ ॥ એયંપિયેણું ॥ ચરિમેહિં ॥
ઉસાસનિસાસેહિં ॥ વોસિરામીતિકટ્ટુ ॥ એમ શરીર વોસિ-
રાવીને ॥ કાલંઅણુવકંખમાણે વિહરંતિ ॥ એહવી સદ્દહણા
પરૂપણાએ કરી અણસણનો અવસર આવે અણસણ કરૂં તિ-
વારે ફરસનાએ કરી શુદ્ધ હોજો ॥ એહવા અપચ્છિમમાર-
ણંતિય સંલેહણા ॥ ઝુસણા ॥ આરાહણાના પંચઅઇયારા
જાણિયવ્વા ॥ ન સમાયરિયવ્વા ॥ તંજહા ॥ તે આળોઉં
॥ ઇહલોગાસંસપ્પઉગે ॥ પરલોગાસંસપ્પઉગે ॥ જીવિયા-
સંસપ્પઉગે ॥ મરણાસંસપ્પઉગે ॥ કામભોગાસંસપ્પઉગે ॥
તસ્સમિચ્છામિદુક્કડં ॥૧૮॥*

એમ સમકિતપૂર્વક બારવ્રત સંલેહણાસહિત નવાણુ
અતિચાર એહને વિષે કોઇ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર,
અણાચાર, જાણતાં, અજાણતાં, મન, વચન કાયાએ કરી
સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યા હોય
તો અનંતસિદ્ધ કેવળીની સાક્ષીએ તસ્સમિચ્છામિદુક્કડં ॥

---

*રાત્રિ પ્રતિક્રમણમાં તપના બાર ભેદનો પાઠ આ પ્રમાણે બોલાય છેઃ- ૧ અણસણ, ૨ ઉણોદરી, ૩ વૃતિસંક્ષેપ, ૪ રસપરિત્યાગ, ૫ કાયકલેશ, ૬ ઇંદ્રિયપ્રતિસંલિનતા, ૭ પ્રાયશ્ચિત્ત, ૮ વિનય, ૯ વૈયાવચ્ચ, ૧૦ સજ્ઝાય, ૧૧ ધ્યાન, ૧૨ કાઉસ્સગ્ગ. એ પ્રથમ ૬ બાહ્ય અને ૬ અભ્યંતર મળી બાર પ્રકારના તપને વિષે જે કોઇ પાપદોષ લાગ્યો હોય તો, અનંત સિદ્ધ ભગવંતની શાખે તસ્સ મિચ્છા મિ દુક્કડં. ॥

પાઠ ૧૯ મો અઢાર પાપસ્થાનકનો.

અઢાર પાપસ્થાનક સંબંધી પાપદોષ લાગ્યા હોય તે આળોઉં છું. ૧ પ્રાણુતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ ક્રોધ, ૭ માન, ૮ માયા, ૯ લોભ, ૧૦ રાગ, ૧૧ દ્વેષ, ૧૨ કલેશ, ૧૩ અભ્યાખ્યાન, ૧૪ પૈશુન્ય, ૧૫ પરપરિવાદ, ૧૬ રઇઅરઇ, ૧૭ માયામોસો, ૧૮ મિચ્છાદંસણસલ્લ, એ અઢાર પાપસ્થાનક સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યા હોય તો અનંત સિદ્ધ કેવળીની સાખે તસ્સમિચ્છામિદુક્કડં ૧૯ ॥

પાઠ ૨૦ મો પચીશ પ્રકારનાં મિથ્યાત્વનો.

પચીસ પ્રકારનું મિથ્યાત્વ લાગ્યું હોય તે આળોઉંછું. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, ૨ અનાભિગ્રહિક મિથ્યાત્વ, ૩ અભિનિવેશિક મિથ્યાત્વ, ૪ સાંશયિક મિથ્યાત્વ, ૫ અણુ-ભોગ મિથ્યાત્વ, ૬ લૌકિક મિથ્યાત્વ, ૭ લોકોત્તર મિથ્યાત્વ, ૮ કુપ્રાવચન મિથ્યાત્વ, ૯ જિન માર્ગથી ઓછું પરૂપે તે મિથ્યાત્વ, ૧૦ જિન માર્ગથી અધિક પરૂપે તે મિથ્યાત્વ, ૧૧ જિનમાર્ગથી વિપરીત પરૂપે તે મિથ્યાત્વ, ૧૨ ધર્મને અધર્મ કહે તે મિથ્યાત્વ, ૧૩ અધર્મને ધર્મ કહે તે મિ-થ્યાત્વ, ૧૪ જીવને અજીવ કહે તે મિથ્યાત્વ, ૧૫ અજીવને જીવ કહે તે મિથ્યાત્વ, ૧૬ જિનમાર્ગને અન્ય માર્ગ કહે તે મિથ્યાત્વ, ૧૭ અન્ય માર્ગને જિનમાર્ગ કહે તે મિથ્યાત્વ ૧૮ સાધુને કુસાધુ કહે તે મિથ્યાત્વ, ૧૯ કુસાધુને સાધુ

કહે તે મિથ્યાત્વ, ૨૦ આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૧ આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા કહે તે મિથ્યાત્વ, ૨૨ અવિનય મિથ્યાત્વ, ૨૩ અક્રિયા મિથ્યાત્વ, ૨૪ અજ્ઞાન મિથ્યાત્વ, ૨૫ આશાતના મિથ્યાત્વ, એ પચીશ પ્રકારનું મિથ્યાત્વ, સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદન આપ્યું હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨૦ ॥

પાઠ ૨૧ મો ચૌદ સ્થાનકના સમુર્છીમ મનુષ્યનો.

ચઉદ પ્રકારનાં સમુછિમ મનુષ્ય સંબંધી પાપ લાગ્યું હોય તે આળોઉં છું. ૧ ઉચ્ચારેસુવા, ૨ પાસવણેસુવા, ૩ ખેળેસુવા, ૪ સંઘાણેસુવા, ૫ વંતેસુવા, ૬ પિત્તસુવા, ૭ પુએસુવા, ૮ સોણિએસુવા, ૯ સુક્કેસુવા, ૧૦ સુક્કપોગળ પરિસાડિએસુવા, ૧૧ વિગયજીવકલેવરેસુવા, ૧૨ ઇથ્થીપુરિસસંજોગેસુવા, ૧૩ નગર-નિધમણેસુવા, ૧૪ સવ્વેસુચેવ અસુઇઠાણેસુવા—એ ચૌદ પ્રકારનાં સમુછિમ મનુષ્ય સંબંધી પાપ લાગ્યું હોય તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨૧ ॥

(અહિંઆ " ઇચ્છામિ આળોઉં જોમેદેવસિઓ ॥ અઇયારોકઓ " થી " :જંવિરાહિયં તસ્સમિચ્છામિદુક્કડં " સુધી બોલવું. પછી " નમોક્કાર " નો પાઠ બોલવો, ને પછી " કરેમિભંતે સામાઇયં " થી " અપ્પાણં વોસિરામિ " સુધીનો પાઠ બોલવો.)

પાઠ ૨૨ મો ચત્તારિ-મંગલંનો.

(આ પાઠ જમણો ઢીંચણ ઉંચો રાખી ડાબો ઢીંચણ ધરતી થાપી બે હાથ જોડી પગે લાગી કહેવો.)

ચત્તારિ મંગલં ॥ અરિહંતા મંગલં ॥ સિદ્ધા મંગલં ॥ સાહુ મંગલં ॥ કેવલી પન્નતો ધમ્મો મંગલં ॥ ચત્તારિ લોગુત્તમા ॥ અરિહંતા લોગુત્તમા ॥ સિદ્ધા લોગુત્તમા ॥ સાહુ લોગુત્તમા ॥ કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમા ॥ ચત્તારિ સરણં પવ્વજામિ ॥ અરિહંતા સરણં પવ્વજામિ ॥ સિદ્ધા સરણં પવ્વજામિ ॥ સાહુ સરણં પવ્વજામિ ॥ કેવળી પન્નતો ધમ્મો સરણં પવ્વજામિ ॥ ચાર શરણા કરે જેહ ॥ ભવસાગરમાં ન બુડે તેહ ॥ સકળ કર્મનો આણે અંત ॥ મોક્ષતણાં સુખ લહે અનંત ॥ ભાવ ધરીને જે ગુણ ગાય ॥ તે જીવ તરીને મુગતે જાય ॥ સંસાર માંહિ શરણાં ચાર ॥ અવર શરણ નહિ કોય ॥ જે નરનારી આદરે તેને ॥ અક્ષય અવિચળ પદ હોય ॥ અંગુઠે અમૃત વસે ॥ લબ્ધિતણા ભંડાર ॥ ગુરૂ ગૌતમને સમરીએ તો ॥ મનવંછિત ફળદાતાર ॥ ૨૨ ॥

[અહિંઆ " ઇચ્છામિ પડિક્કમિઉં જોમે દિવસિઓ અઇયારોકઓ " થી " તસ્સમિચ્છામિદુક્કડં " સુધીનો પાઠ કહીને " ઇરિયાવહિયા " પાઠ કહેવો.] *

*(કેટલેક સ્થળે માત્ર પોષધવ્રતમાંજ શ્રમણ સૂત્ર કહેવાનો રીવાજ છે.)

પાઠ ૨૩ મો પહેલું સમણસૂત્ર, નિદ્રાના દોષ નિવારવાનો.*

ઇચ્છામિ પડિક્કમિઉં ॥ પગામસિજ્જાએ ॥ નિગામસિજ્જાએ ॥ સંથારાઉવટ્ટણાએ ॥ પરિયટ્ટણાએ ॥ આઉટ્ટણાએ ॥ પસારણાએ ॥ છપ્પઇસંઘટ્ટણાએ ॥ કુઇએ ॥ કક્કરાઇએ ॥ ॥છીએ ॥ જંભાઇએ ॥ આમોસે ॥ સસરખામોસે ॥ આઉલમાઉલાએ ॥ સુત્તણુવત્તિયાએ ॥ ઇત્થીવિપરિયાસિયાએ ॥ દિટ્ઠિવિપરિયાસિયાએ ॥ મણવિપરિયાસિયાએ ॥ પાણભોયણવિપરિયાસિયાએ ॥ જોમેદિવસિઓ અઇયારોકઓ ॥ તસ્સ-મિચ્છામિદુક્કડં ॥ ૨૩ ॥

પાઠ ૨૪મો બીજું સમણસૂત્ર ગોચરીના દોષ નિવારવાનો.+

પડિક્કમામિ ગોયરગચરિયાએ ॥ ભિખાયરિયાએ ॥ઉગ્ઘાડકવાડ ઉઘા-ડણાએ ॥ સાણાવચ્છાદારા સંઘટ્ટણાએ ॥ મંડિપાહુડિયાએ ॥ બલિપાહુડિ-યાએ ॥ ઠવણાપાહુડિયાએ ॥ સંકિએ ॥ સહસ્સાગારે ॥ અણેસણાએ ॥ પાણભોયણાએ ॥ બીયભોયણાએ ॥ હરિયભોયણાએ ॥ પચ્છાકમ્મિ-યાએ ॥ પુરેકમ્મિયાએ ॥ અદિઠહડાએ ॥ દગસંસઠહડાએ ॥ રયસંસ-ઠહડાએ ॥ પારિસાડણિયાએ ॥ પારિઠાવણિયાએ ॥ ઉહાસણભિખાએ ॥ જંઉગમેણં ॥ ઉપાયણેસણાએ ॥ અપરિસુદ્ધં પડિગાહિયં ॥ પરિભુત્તંવા ॥ જં ન પરિઠવિયં ॥ તસ્સમિચ્છામિદુક્કડં. ॥ ૨૪ ॥

પાઠ ૨૫મો ત્રીજું સમણસૂત્ર, પ્રતિલેખન દોષ ટાળવાનો.*

પડિક્કમામિ ચાઉકાલં સજ્ઝાયસ્સ ॥ અકરણયાએ॥ ઉભઓકાલં ॥

---

*સુઇને ઉઠયા પછી " ૪ લોગસ્સ " તથા " પહેલા શ્રમણ સૂત્ર " નો કાઉસગ્ગ કરવો.

+ વ્રતમાં વહોરી આવ્યા પછી " ઇરિયાવહિયા " તથા " બીજા શ્રમણ સૂત્ર " નો કાઉસગ્ગ કરવો.

*કોઇ પણ વ્રતમાં પડિલેહણ કર્યા પછી " ઇરિયાવહિયાનો " તથા "શ્રમણસૂત્ર ત્રીજા" નો કાઉસગ્ગ કરવો.

ભંડોવગરણસ્સ ॥ અપડિલેહણુયાએ ॥ દુપડિલેહણુયાએ ॥ અપમજ્જણુાએ ॥ દુપમજ્જણાએ ॥ અઇક્કમે ॥ વઇક્કમે ॥ અઇયારે ॥ અણાયારે ॥ જોમેદેવસિઓ ॥ અઇયારોકઓ ॥ તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨૫ ॥

પાઠ ૨૬મો ચોથું સમણસૂત્ર, હેયાદિ દોષ નિવૃત્તિનો.

પડિક્કમામિ એગવિહે અસંજમે ॥ પડિક્કમામિ દોહિં બંધણેહિં ॥ રાગ બંધણેણં ॥ દોસબંધણેણં ॥ પડિક્કમામિ તિહિંદંડેહિં ॥ મણદંડેણં ॥ વયદંડેણં ॥ કાયદંડેણં ॥ પડિક્કમામિ તિહિંગુત્તિહિં ॥ મણગુત્તીએ ॥ વયગુત્તીએ ॥ કાયગુત્તીએ ॥ પડિક્કમામિ તિહિંસલ્લેહિં ॥ માયાસલ્લેણં ॥ નિયાણસલ્લેણં ॥ મિચ્છાદંસણ સલ્લેણં ॥ પડિક્કમામિ તિહિંગારવેહિં ॥ ઇડ્ડિગારવેણં ॥ રસગારવેણં ॥ સાયાગારવેણં ॥ પડિક્કમામિ તિહું વિરાહણાએ ॥ નાણવિરાહણાએ ॥ દંસણવિરાહણાએ ॥ ચરિત્તવિરાહણાએ ॥ પડિક્કમામિ ચઉહિંકસાએહિં ॥ કોહકસાએણં ॥ માણકસાએણં ॥ માયાકસાએણં ॥ લોહકસાએણં ॥ પડિક્કમામિ ચઉહિંસન્નાહિં ॥ આહારસન્નાએ ॥ ભયસન્નાએ ॥ મેહુણસન્નાએ ॥ પરિગ્ગહસન્નાએ ॥ પડિક્કમામિ ચઉહિંવિકહાહિં ॥ ઇત્થીકહાએ ॥ ભત્તકહાએ ॥ દેસકહાએ ॥ રાયકહાએ ॥ પડિક્કમામિ ચઉહિંઝાણેણં ॥ અટ્ટેણંઝાણેણં ॥ રૂદ્દેણંઝાણેણં ॥ ધમ્મેણંઝાણેણં ॥ સુક્કેણંઝાણેણં ॥ પડિક્કમામિ પંચહિંકિરિયાહિં ॥ કાઇયાએ ॥ અહિગરણીયાએ ॥ પાઉસીયાએ ॥ પારિતાવણિયાએ ॥ પાણાઇવાયકિરિયાએ ॥ પડિક્કમામિ પંચહિં કામ ગુણેહિં ॥ સદ્દેણં ॥ રૂવેણં ॥ ગંધેણં ॥ રસેણં ॥ ફાસેણં ॥ પડિક્કમામિ પંચહિંમહવ્વએહિં ॥ સવ્વાઓ પાણાઇવાયાઓ વેરમણં ॥ સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં ॥ સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણં ॥ સવ્વાઓ મેહુણાઓ વેરમણં ॥ સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં ॥ પડિક્કમામિ પંચહિંસમિએહિં ॥ ઇરિયાસમિએ ॥ ભાસાસ-

મિએ ॥ એસણાસમિએ ॥ આયાણભંડમત્તનિખેવણાસમિએ ॥ ઉચ્ચારપાસ-વણ ખેલજલસંઘાણપારિઠાવણિયા સમિએ ॥ પડિક્કમામિ છહિં જીવનિકાએહિં ॥ પુઢવિકાએણં ॥ આઉકાએણં ॥ તેઉકાએણં ॥ વાઉકાએણં ॥ વણસ્સઇકાએણં ॥ તસ્સકાએણં ॥ પડિક્કમામિ છહિં લેસાહિં ॥ કિન્હલેસાએ ॥ નીલલેસાએ ॥ કાઉલેસાએ ॥ તેઉલેસાએ ॥ પઉમલેસાએ ॥ સુક્કલેસાએ ॥ પડિક્કમામિ સત્તહિં ભયઠાણેહિં ॥ અઠહિં મયઠાણેહિં ॥ નવહિં બંભચેરગુત્તિહિં ॥ દસવિહે સમણધમ્મે ॥ એગ્ગારસહિં ઉવાસગપડિમાહિં ॥ બારસહિં ભિખુપડિમાહિં ॥ તેરસહિં કિરિયાઠાણેહિં ચઉદસહિં ભુયગામેહિં ॥ પન્નરસહિં પરમાહમ્મિએહિં ॥ સોલસહિં ગાહાસોલસએહિં ॥ સત્તરસ્સવિહે અસંજમેહિં ॥ અઠારસ્સવિહે અબંભેહિં ॥ એગુણવીસાએ નાયઝયણેહિં ॥ વીસાએ અસમાહિઠાણેહિં ॥ એગવીસાએ સબલેહિં ॥ બાવીસાએ પરિસહેહિં ॥ તેવીસાએ સુયગડઝયણેહિં ॥ ચઉવીસાએ દેવેહિં ॥ પણવીસાએ ભાવણાહિં ॥ છવીસાએ દસાકપ્પવવહારેણં ઉદ્દેસણકાલેણં ॥ સત્તવીસાએ અણગાર ગુણેહિં ॥ અઠ્ઠાવીસાએ આયારપકપ્પેહિં ॥ એગુણત્તિસાએ પાવસુયપસંગેહિં ॥ ત્તિસાએ મહામોહણિઠાણેહિં ॥ એગત્તિસાએ સિધ્ધાઇગુણેહિં ॥ બત્તિસાએ જોગ સંગહેહિં ॥ તેત્તિસાએ આસાયણાએ ॥ અરિહંતાણં આસાયણાએ ॥ સિધ્ધાણં આસાયણાએ ॥ આયરિયાણં આસાયણાએ ॥ ઉવઝાયાણં ॥ આસાયણાએ સાહૂણં આસાયણાએ ॥ સાહૂણીણં આસાયણાએ ॥ સાવયાણં આસાયણાએ ॥ સાવિયાણં આસાયણાએ ॥ દેવાણં આસાયણાએ ॥ દેવીણં આસાયણાએ ॥ ઇહલોગસ્સ આસાયણાએ ॥ પરલોગસ્સ આસાયણાએ ॥ + કેવલીપન્નતસ્સ ધમસ્સ આસાયણાએ ॥ સદેવમણુયા સુરસ્સ લોગસ્સ આસાયણાએ ॥ સવ્વપાણભૂયજીવસત્તાણં આસાયણાએ ॥ કાલસ્સ આસાયણાએ ॥ સુયસ્સ

+ 'કેવલીણં આસાયણાએ' એવો પાઠ જુની પ્રતોમાં નથી.

આસાયણાએ ॥ સુયદેવયાએ આસાયણાએ ॥ વાયણારિયસ્સ આસાયણાએ ॥ જંવાઇધં ॥ વચ્ચામેલીયં ॥ હીણખરં ॥ અચ્ચખરં ॥ પયહીણં ॥ વિણયહીણં ॥ જોગહીણં ॥ ઘોસહીણં ॥ સુઠુદિન્નં ॥ દુઠું-પડિછિયં ॥ અકાલેકઓ સજ્ઝાઓ ॥ કાલેનકઓ સજ્ઝાઓ ॥ અસજ્ઝાઇએ સજ્ઝાઇયં ॥ સજ્ઝાઇએ ન સજ્ઝાઇયં ॥ તસ્સમિચ્છામિદુક્કડં ॥ ૨૬ ॥

એક બોલથી માંડી, તેત્રીશ બોલ સુધી મારા જીવે, તમારા જીવે, જાણવાજોગ જાણ્યા ન હોય, છાંડવાજોગ છાંડયા ન હોય, આદરવાજોગ આદર્યા ન હોય, તો તસ્સમિચ્છામિદુક્કડં ॥ ધન્ય તે મહાપુરૂષ જાણવાજોગ જાણતા હશે, છાંડવાજોગ છાંડતા હશે, આદરવાજોગ આદરતા હશે, તેને મ્હારી તમારી સમય સમયની વંદણા હોજો.

પાઠ ૨૭મો પાંચમું સમણસૂત્ર વિશુદ્ધ પ્રવચન માર્ગનો.

નમો ચઉવીસાએ તીથ્થયરાણં ॥ ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં ॥ ઇણમેવ નિગ્ગંથં ॥ પાવયણં ॥ સચ્ચં ॥ અણુત્તરં ॥ કેવલીયં ॥ પડિપુન્નં ॥ નેયાઉયં ॥ સંસુદ્ધં ॥ સલ્લકત્તણં ॥ સિદ્ધિમગ્ગં ॥ મુત્તિમગ્ગં ॥ નિજ્જાણમગ્ગં ॥ નિવ્વાણમગ્ગં ॥ અવિતહમવિસંધિં ॥ સવ્વદુખ્ખપહીણમગ્ગં ॥ ઇથ્થંઠિયા જીવા ॥ સિજ્ઝન્તિ બુજ્ઝન્તિ ॥ મુચ્ચંતિ ॥ પરિનિવાયંતિ ॥ સવ્વદુખ્ખાણમંતં કરંતિ ॥ તંધમ્મં સદ્દહામિ ॥ પતિયામિ ॥ રોયામિ ॥ ફાસેમિ પાલેમિ ॥ અણુપાલેમિ ॥ તંધમ્મં સદ્દહંતો ॥ પતિયંતો ॥ રોયંતો ॥ ફાસંતો ॥ પાલંતો ॥ અણુપાલંતો ॥ તસ્સ ધમ્મસ્સ ॥ કેવળીપન્નતસ્સ ॥ અભુઠિઓમિ ॥ આરાહણાએ ॥ વિરઓમિ ॥ વિરાહણાએ ॥ અસંજમં પરિયાણામિ ॥ સંજમં ઉવસંપવ્વજામિ ॥ અબંભં પરિયાણામિ ॥ બંભં ઉવસંપવ્વજામિ ॥ અકપ્પં પરિયાણામિ ॥ કપ્પં ઉવસંપવ્વજામિ ॥ અન્નાણં પરિયાણામિ ॥ નાણં ઉવસંપવ્વજામિ ॥ અકિરિયં પરિયાણામિ ॥ કિરિયં ઉવસંપવ્વજામિ ॥ મિચ્છત્તં પરિયાણામિ ॥ સમત્તં

ઉવસંપજ્જામિ ॥ અબોહિં પરિયાણામિ ॥ બોહિં ઉવસંપજ્જામિ ॥ અમગ્ગં પરિયાણામિ ॥ મગ્ગં ઉવસંપજ્જામિ ॥ જંસંભરામિ ॥ જંચનસંભરામિ ॥ જંપડિક્કમામિ ॥ જંચનપડિક્કમામિ ॥ તસ્સસવ્વસ્સ દેવસિયસ્સ ॥ અઈયારસ્સ ॥ પડિક્કમામિ ॥ સમણોહં ॥ સંજય ॥ વિરય ॥ પડિહય ॥ પચ્ચખાય ॥ પાવકમ્મે ॥ અનિયાણો ॥ દિઠિ-સંપન્નો ॥ માયામોસો વિવજ્જીઓ ॥ અઢ્ઢાઇજ્જેસુ દિવસમુદ્દેસુ ॥ પન્ન-રસ્સ કમ્મભુમિસુ ॥ જાવંતિકેઇસાહુ ॥ રયહરણ–ગુચ્છગ પડિગ્ગહ ધરા ॥ પંચમહવ્વયધરા ॥ અઠારસ્સ સહસ્સ સીલાંગરથધરા ॥ અખ્ખયઆચાર ચરિત્તા ॥ તે સવ્વે ॥ સિરસા ॥ મણસા મથએણ ॥ વંદામિ ॥

ખામેમિ સવ્વે જીવા ॥ સવ્વે જીવાવિ ખમંતુ મે ॥ મિત્તી મે સવ્વભુયેસુ ॥ વેરમજ્ઝં ન કેણઇ ॥ ૧ ॥ એવમહં આલોઇયં પડિક્કમિયં ॥ નિંદિયં ગરહિયં દુગંછિયં ॥ સવ્વંતિવિહેણ પડિક્કંતો ॥ વંદામિ જિણ-ચઉવ્વીસં ॥ ૨ ॥ ઇતિ અતિચાર આલોવ્યા, પડિકમ્યા, નિંદ્યા, ગરહયા નિઃશલ્લથયા–વિશેષે વિશેષે અરિહંત, સિદ્ધ, કેવળી, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાધ્વી, ગુર્વાદિકને ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું. ॥ ૨૭ ॥

ઇતિ પાંચ શ્રમણસૂત્ર સંપૂર્ણ.

પાઠ ૨૮ મો અરિહંતના પહેલા ખામણાનો.

પહેલાં ખામણા પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા તીર્થંકરદેવ બિરાજે છે ॥ તેમને કરૂં છું ॥ તે સ્વામીના નામ–૧ શ્રી સીમંધરસ્વામી, ૨ શ્રી યુગમંધર સ્વામી, ૩ શ્રી બાહુસ્વામી, ૪ શ્રી સુબાહુસ્વામી, ૫ શ્રી સુજાતનાથ સ્વામી, ૬ શ્રી સ્વયંપ્રભસ્વામી, ૭ શ્રી ઋષભાનનસ્વામી, ૮ શ્રી અનંત-વીર્ય સ્વામી, ૯ શ્રી સુરપ્રભસ્વામી, ૧૦ શ્રી વિશાળ પ્રભ-

સ્વામી, ૧૧ શ્રી વજ્રધરસ્વામી, ૧૨ શ્રી ચંદ્રાનનસ્વામી, ૧૩ શ્રી ચંદ્રબાહુસ્વામી, ૧૪ શ્રી ભુજંગદેવસ્વામી, ૧૫ શ્રી ઈશ્વિરસ્વામી, ૧૬ શ્રી નેમપ્રભસ્વામી, ૧૭ શ્રી વીરસેન-સ્વામી, ૧૮ શ્રી મહાભદ્રસ્વામી, ૧૯ શ્રી દેવજશસ્વામી, ૨૦ શ્રી અજીતસેનસ્વામી ॥ એ જઘન્ય તીર્થંકર વીશ, ઉત્કૃષ્ટા હોય તો એકસો સાઠ; તેમને મારી સમય સમ-યની વંદણા હોજો, તે સ્વામી કેવા છે ? મારા તમારા મનની વાત જાણી દેખી રહ્યા છે; ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે; સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે; ચૌદ રાજલોક અંજલી પ્રમાણે જાણી દેખી રહ્યા છે. અનં-તું જ્ઞાન છે, અનંતું દર્શન છે, અનંતું ચારિત્ર છે, અનંતું તપ છે, અનંતું ધૈર્ય છે, અનંતું વીર્ય છે, એ ષટે ગુણે કરી સહિત છે; ચોત્રીશ પ્રકારના અતિશયે કરી બિરાજ-માન છે; પાંત્રિશ પ્રકારની સત્ય વચન વાણી ગુણે કરી સહિત છે; એક હજાર અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર છે; અઢાર દોષ રહિત છે; બાર ગુણે કરી સહિત છે; ચાર કર્મ ઘનઘાતી ક્ષય કીધાં છે; ચાર કર્મ પાતળાં પાડયાં છે; મુક્તિ જવાના કામી થકા સ્વામી વિચરે છે; ભવ્ય જીવના સંદેહ ભાંગે છે. સંજોગી, સશરીરી, કેવળ જ્ઞાની, કેવળ દર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયક સમકિત, શુકલ ધ્યાન, શુકલ લેશ્યા, શુભ ધ્યાન, શુભજોગ સહિત છે, ચોસઠ ઇંદ્રના પૂજનિક, વંદનિક, અર્ચનિક

સ્મરણનિક છે; પંડિત વીર્ય એ આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામાગર નગર, રાયહાણી, ખેડ, કબડ, પુરપાટણ, જ્યાં જ્યાં સ્વામી દેશના દેતા થકા વિચરતા હશે; ધન્ય તે રાઇસર, તલવર, માડંબી, કોડંબી, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, જે સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઇ કર પવિત્ર કરતા હશે. તમે સ્વામી ત્યાં બિરાજો છો; હું અપરાધી, દીન, કિંકર, ગુન્હી અહિંઆ બેઠો છું. તમારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તો મન, વચન, કાયાએ કરી ભુજો ભુજો કરી ખમાવું છું. (" તિખ્ખુત્તો " નો પાઠ ત્રણ વાર ભણી વંદણા કરી ખમાવવું.) ॥ ૨૮ ॥

પાઠ ૨૯ મો સિદ્ધ ભગવંતના ખામણાનો.

બીજા ખામણા અનંત સિદ્ધ ભગવંતજીને કરૂં છું. આ ચોવીશીનાં નામ લહું છું.—૧ શ્રી ઋષભદેવસ્વામી, ૨ શ્રી અજિતનાથસ્વામી, ૩ શ્રી સંભવનાથસ્વામી, ૪ શ્રી અભિનંદનસ્વામી, ૫ શ્રી સુમતિનાથસ્વામી, ૬ શ્રી પદ્મપ્રભસ્વામી, ૭ શ્રી સુપાર્શ્વનાથસ્વામી; ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામી, ૯ શ્રી શ્રેયાંશનાથસ્વામી, ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રી વિમળનાથસ્વામી, ૧૪ શ્રી અનંતનાથસ્વામી, ૧૫ શ્રી ધર્મનાથસ્વામી, ૧૬ શ્રી શાંતિનાથસ્વામી, ૧૭ શ્રી કુંથુનાથસ્વામી,

૧૮ શ્રી અરનાથસ્વામી, ૧૯ શ્રી મલ્લિનાથસ્વામી, ૨૦ શ્રી 'મુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રી નમિનાથસ્વામિ, ૨૨ શ્રી નેમનાથસ્વામી, ૨૩ શ્રી પાર્શ્વનાથસ્વામી, ૨૪ શ્રી મહાવીરસ્વામી-એ ચોવીસી અનંત ચોવીશી અનંતે ભેદે સીઝી બુઝી આઠ કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા છે. તે આઠ કર્મનાં નામ-૧ જ્ઞાનાવરણીય ૨ દર્શનાવરણીય ૩ વેદનીય ૪ મોહનીય ૫ આયુષ્ય ૬ નામ ૭ ગોત્ર ૮ અંતરાય, એ આઠ કર્મ ક્ષય કરી મુક્તિએ પધાર્યા છે. તે મુક્તિનું સ્થળ કીહાં છે? સમ પૃથ્વીથી સાતસેં નેવુ જોજન ઊંચપણે તારા મંડળ છે, ત્યાંથી દશ જોજન ઊંચપણે સૂર્યનું વિમાન છે, ત્યાંથી એશીં જોજન ઊંચપણે ચંદ્રમાનું વિમાન છે, ત્યાંથી ચાર જોજન ઊંચપણે નક્ષત્રનાં વિમાન છે, ત્યાંથી ચાર જોજન ઊંચપણે બુધનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શુક્રનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે બૃહસ્પતિનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે મંગળનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શનિશ્ચરનો તારો છે. એમ નવસેં જોજન સુધી જ્યોતિષચક્ર છે. ત્યાંથી અસંખ્યાતા જોજન કોડાકોડિ ઊંચપણે પહેલું સુધર્મ ને બીજું ઇશાન નામે દેવલોક છે- એકેકું અર્ધ ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. પહેલાં બત્રીસ લાખ ને બીજામાં અઠાવીશ લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે ત્રીજું સનત્કુમાર અને ચોથું મહેંદ્ર નામે દેવલોક છે. એકેકું અર્ધા ચંદ્રમાને આકારે છે, બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. ત્રીજામાં બાર લાખ અને ચોથામાં આઠ લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે પાંચમુ બ્રહ્મલોક નામે દેવલોક છે. તે એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે, તેમાં ચાર લાખ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે

છઠું લાંતક નામે દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં પચાસ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે સાતમું મહાશુક્ર નામે દેવલોક છે. એકલું પૂર્ણ ચંદ્રમાને આકારે છે. તેમાં ચાલીશ હજાર વિમાન છે. ત્યાથી અસંખ્યાતા જોજન ઊંચપણે આઠમુ સહસાર નામે દેવલોક છે. એકલું પૂર્ણચંદ્રમાને આકારેછે. તેમાં છ હજાર વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે નવમુ આણુત ને દશમું પ્રાણુત નામે દેવલોક છે. એ બે જોડાજોડ છે. એકેકું અર્ધા ચંદ્રમાને આકારે છે. બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. બેમાં મળીને ચારસેં વિમાન છે ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે અગ્યારમુ આરણુ ને બારમુ અચ્યુય એ બે દેવલોક જોડાજોડ છે. એકેકું અર્ધા ચંદ્રમાને આકારે છે. બે મળી પૂર્ણ ચંદ્રમાને આકારે છે. બેમાં મળી ત્રણસેં વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે નવ ગ્રીવેયક છે, તેનાં નામ–૧ ભદ્દે ૨ સુભદ્દે ૩ સુજાએ ૪ સુમાણસે ૫ પ્રિયદંસણે ૬ સુદંસણે ૭ આમોહે ૮ સુપડિબદ્ધે ૯ જસોધરે. પહેલી ત્રિકમાં એકસો અગીઆર વિમાન છે. બીજી ત્રિકમાં એકસો સાત વિમાન છે. ત્રીજી ત્રિકમાં એકસો વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજન ઊંચપણે પાંચ અનુત્તર વિમાન છે. તેનાં નામ–૧ વિજય, ૨ વિજયવંત, ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થ સિદ્ધમહાવિમાન, સઘળાં મળી વિમાન કુલે ૮૪૯૭૦૨૩ છે.

તે સર્વાર્થ સિદ્ધમહાવિમાનની ધ્વજાથી બાર જોજન ઉંચે મુક્તિશિલા છે, તે મુક્તિશિલા કેવી છે? પીસતાલીસ લાખ જોજનની લાંબી પહોળી છે; ગોળાકાર છે; મધ્યે આઠ જોજનની જાડી છે. ઉતરતા છેડે માંખીની પાંખ થકી પણ અધિક

પાતળી છે. ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાના પટ, મોતીના હાર ને ક્ષીરસાગરના પાણીથી પણ અધિક ઉજળી છે, તે સિદ્ધિશિલા ઉપર એક જોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે સિદ્ધ ભગવંતજી બિરાજી રહ્યા છે. તે સ્વામી કેવા છે ? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભુખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, સોગ નહિ, જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, કાયા નહિ, કર્મ નહિ, અનંત અનંત આત્મિક સુખની લહેરમાં બિરાજી રહ્યા છે. તમે સ્વામી ત્યાં બીરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુન્હી અહીં બેઠો છું. આપના જ્ઞાન દર્શન, સંબંધી અવિનય આશાતના અભક્તિ અપરાધ કર્યા હોય તો મન, વચન, કાયાએ ભૂજો ભૂજો કરી ખમાવું છું. ("તિખ્ખુત્તો" નો પાઠ ત્રણ વાર ભણી વંદણા કરી ખમાવવું.) ॥ ૨૯ ॥

પાઠ ૩૦ મો સામાન્ય કેવલીના ખામણાનો.

ત્રીજા ખામણા પંચમહાવિદેહક્ષેત્રને વિષે જયવંતા કેવળી ભગવાન બિરાજે છે, તે જઘન્ય હોય તો બે ક્રોડ કેવળી, ઉત્કૃષ્ટા હોય તો પ્રત્યેક ક્રોડ કેવળી; તે સ્વામી કેવા છે ? મારા તમારા મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે, સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે, ચૌદ રાજલોક અંજલી પ્રમાણે જાણી દેખી રહ્યા છે; અનંતું જ્ઞાન છે; અનંતુ દર્શન છે; અનંતું ચારિત્ર છે. અનંતું તપ છે, અનંતું ધૈર્ય છે, અનંતું વીર્ય છે,

એ ષટે ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતીઆ ક્ષયકર્યાં છે. બાકી ચાર કર્મ પાતળાં પાડયાં છે. મુક્તિ જવાના કામી થકા સ્વામી વિચરે છે. ભવ્ય જીવના સંદેહ ભાંગે છે. સજોગી, સશરીરી, કેવળજ્ઞાની, કેવલદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયક સમક્તિ, શુકલ ધ્યાન, શુકલ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ, પંડિત વીર્ય એ આદિ અનંત ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામાગર, નગર, રાયહાણી, ખેડ, કવડ, પુરપાટણ—જ્યાં જ્યાં સ્વામી દેશના દેતા થકા વિચરતા હશે, ધન્ય તે રાઇસર, તલવર, માડંબી, કોડંબી, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે, દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તમે સ્વામી ત્યાં બીરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુન્હી અહીં બેઠો છું. તમારા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય તે મન, વચન, કાયાએ કરી ભૂજો ભૂજો કરી ખમાવું છું ॥ ૩૦ ॥. (" તિખ્ખુત્તો " નો પાઠ ત્રણ વાર ભણી વંદણા કરી ખમાવવું.)

પાઠ ૩૧ મો પોતાના ગુર્વાદિકના ખામણાનો.

ચોથા ખામણા ગણધરજી આચાર્યજી ને ઉપાધ્યાયજીને કરૂં છું બાવન ગુણે કરી સહિત ગણધરજી છે, છત્રીશ ગુણે કરી સહિત આચાર્યજી છે, પચીશ ગુણે કરી સહિત ઉપાધ્યાયજી છે, મ્હારા તમારા ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મ

ઉપદેશના દાતાર, મહાપુરૂષ, પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ, બહુસૂત્રી, સૂત્રસિદ્ધાંતના જાણુ, તરણુતારણુ તારણી નાવા સમાન, સફરી જહાજ સમાન, કલ્પવૃક્ષ સમાન, જિનશાસનના શણુગાર, ધર્મના અગ્રેસર, ધર્મના મુખી, ધર્મના નાયક, એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન હતા, એવા પૂજ્ય સાહેબજી શ્રી ૧૦૦૮.................................આદિ ઘણા ઘણા સાધુ–સાધ્વીજી આળોઇ, પડિક્કમી, નિંદી, નિઃસલ્લ થઈ પ્રાયે દેવગતિએ પધાર્યા છે, તેમનો ઘણો ઉપકાર છે. આજ વર્તમાનકાળે તરણુતારણુ, તારણી નાવા સમાન, રત્ન ચિંતામણિ સમાન, પાર્શ્વમણિ સમાન, જિનશાસનના શણુગાર, સાધુજીના સકળ ગુણે કરી બિરાજમાન પૂજ્ય સાહેબજી શ્રી ૧૦૦૮...આદિ જે જે સાધુ–સાધ્વીજી વીતરાગદેવની આજ્ઞા પ્રમાણે વિચરે છે, તેમને મારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામી કેવા છે ? પંચમહાવ્રતના પાલણહાર છે, પાંચ સમિતિએ સમિતા, ત્રણ ગુપ્તિએ ગુપ્તા, છકાયના પીયર, છકાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર છે. દશ વિધિ યતિધર્મના અજવાળિક છે. અગીઆર શ્રાવકની ને બાર ભિખ્ખુની પડિમાના જાણ છે. બાર ભેદે તપસ્યાના કરણહાર છે. સત્તર ભેદે સંયમના ધરણહાર છે. વીશ અસમાધિના ટાલણહાર છે. બાવીસ પરીસહના જીતણહાર છે.

સત્તાવીશ સાધુજીને ગુણે કરી સહિત છે. તેત્રીશ આશાતનાના ટાલણહાર છે, બેંતાળીશ તથા છન્નું દોષ રહિત આહાર પાણીના લેવણહાર છે. બાવન અનાચિરણના ટાલણહાર છે. સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન કામનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, મહાવૈરાગી, સમતાના સાગર, દયાના આગર, આદિ અનેક શુભ ગુણે કરી સહિત છે. ધન્ય તે ગામ, નગર, પુર પાટણ–તમે સ્વામી ત્યાં વિચરો છો હું અપરાધી અહિં બેઠો છું. આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી અવિનય, અશાતના અભક્તિ, અપરાધ કર્યો હોય, તે મન, વચન કાયાએ કરી ભૂજો ભૂજો કરી ખમાવું છું. (અહિંયા "તિખ્ખુત્તો" નો પાઠ ત્રણ વાર ભણી વંદના કરી ખમાવવું) ૩૧

પાઠ ૩૨ મો સર્વ સાધુ સાધ્વીના ખામણાનો.

પાંચમા ખામણા પાંચ ભરત, પાંચ ઇરવત, પાંચ મહાવિદેહ એમ અઢિદ્વીપક્ષેત્રને વિષે, સાધુ સાધ્વીજી સત્તાવીશ ગુણે કરી સહિત છે તેમને કરૂં છું. તે જઘન્ય હોય તો બે હજાર ક્રોડ સાધુસાધ્વી, ઉત્કૃષ્ટા હોય તો પ્રત્યેક હજાર ક્રોડ સાધુસાધ્વી, તેમને મારી સમય સમયની વંદણા હોજો. તે સ્વામી કેવા છે ? (અહીં પાઠ ૩૧ મા પ્રમાણે બાકીનો પાઠ બોલવો.) ॥૩૨॥

પાઠ ૩૩ મો સર્વ જીવોના ખામણાનો.

છઠ્ઠા ખામણા અઢિદ્વીપ માંહેના અને અઢિદ્વીપ બ-

+ લીંબડી સંઘાડામાં આ ૩૨ મો પાઠ છે તે ૩૧ મો બોલાય છે. ૩૧ મો તે ૩૨ મો બોલાય છે.

હારના અસંખ્યાતા શ્રાવક શ્રાવિકાને કરૂં છું. તે શ્રા૦ શ્રાવિકાજી કેવાં છે ? સમકિત સહિત બાર વ્રતધારી, અગ્યાર પડિમાના સેવણહાર છે. જીવ અજીવ આદિ નવતત્ત્વ જાણપણાવાળા, કોઈના ડગાવ્યા ડગે નહિ, કોઈના ચળાવ્યા ચળે નહિ. પરધન પથ્થર બરાબર, ને પરસ્ત્રી માત સમાન જાણે છે. શ્રાવકના એકવીશ ગુણે કરી સહિત (તેઓમાંથી જેઓ) મુજથી દાન, શિળ, તપ અને ભાવ અધિક છે, તેમને ત્રણ વાર નમસ્કાર કરીને મન, વચન કાયાએ કરીને ભુજો ભુજો કરી ખમાવું છું.

સાધુ સાધ્વીને ખમાવું છું, શ્રાવક શ્રાવિકાને ખમાવું છું, સમકિતદૃષ્ટિ જીવને ખમાવું છું, ઉપકારી ભાઈ બાઈને ખમાવું છું, ચોરાશી લાખ જીવયોનિના જીવને ખમાવું છું. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ વાઉકાય, દશલાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદલાખ સાધારણ વનસ્પતિકાય, બેલાખ બેઇંદ્રિય, બેલાખ તેઈંદ્રિય, બેલાખ ચઉરિંદ્રિય, ચારલાખ નારકી, ચારલાખ તિર્યંચપંચેંદ્રિય, ચારલાખ દેવતા, ચૌદલાખ મનુષ્ય, એ ચોરાશી લક્ષ જીવાયોનિના જીવને હાલતાં, ચાલતાં ઉઠતાં, બેસતાં, જાણતાં અજાણતાં, હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના, કિલામના, ઉપજાવી હોય તો અનંતા સિદ્ધ કેવળીની સાખે મ્હારે મિચ્છામિદુક્કડં ॥ ૩૩ ॥

(અહીં "ઇચ્છામિ ખમાસમણા" નો પાઠ બે વખત કહેવો)

ઇતિ ચોથો આવશ્યક સંપૂર્ણ ॥ ૪ ॥